પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૩૭, કુલ પાના:૪, તારીખ: ૦૩-૧૦-૨૦૨૦ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 37 PRICE :-RS. 1.50 DATE : 03-10-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678


પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### અટલ ટનલ દુનિયામાં સૌથી લાંબી હાઈ-વે ટનલ છે

## આજે વડાપ્રધાન મોદી રોહતાંગમાં અટલ ટનલનું ઉદ્ઘાટન કરશે

ન્યુ દિલ્હી,

પ્રધાનમંત્રી નરેંદ્ર મોદી આવતીકાલે ૩ ઓક્ટોબરે સવારે ૧૦ વાગ્યે રોહતાંગમાં અટલ ટનલનું ઉદ્ઘાટન કરશે. અટલ ટનલ દુનિયામાં સૌથી લાંબી હાઈવે ટનલ છે. ૯.૦૨ કિલોમીટરની લંબાઈ ધરાવતી આ ટનલ મનાલીને આખું વર્ષ લાહૌલ-સ્પિતિ ઘાટી સાથે જોડી રાખશે. અગાઉ આ ઘાટી ભારે હિમવર્ષાને કારણે દર વર્ષે આશરે ૬ મહિના સુધી દેશના બાકીના વિસ્તારોથી સંપર્કવિહોણી થઈ જતી હતી. આ ટનલનું નિર્માણ હિમાલયની




પીરપંજાલ પર્વતમાળામાં અત્યાધુનિક ખાસિયતો સાથે થયું છે, જે દરિયાની સરેરાશ સપાટીથી ૩,૦૦૦ મીટર (૧૦,૦૦૦ ફીટ)ની ઊંચાઈ પર સ્થિત છે. રક્ષામંત્રી રાજનાથ સિંહે આજે આ અટલ ટનલની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમની સાથે મંત્રી અનુરાગ ઠાકુર પણ સાથે હતા.

આ ટનલથી મનાલી અને લેહ વચ્ચે ૪૬ કિલોમીટરનું અંતર ઘટશે તથા પ્રવાસનો સમય આશરે ૪થી ૫ કલાક ઓછો થઈ જશે.જ્યારે અટલ ટનલની સાઉથ પોર્ટલ (એસપી) ૩૦૬૦ મીટરની ઊંચાઈ પર મનાલીથી ૨૬ કિલોમીટરના અંતરે સ્થિત છે, ત્યારે નોર્થ પોર્ટલ (એનપી) ૩૦૭૧ મીટરની ઊંચાઈ પર લાહૌલ ઘાટીમાં સિસ્સુમાં તેલિંગ ગામ નજીક સ્થિત છે.

આ ટનલ ઘોડાના પગની નાળ જેવો આકાર ધરાવે છે. આ સિંગલ ટ્યુબ ડબલ લેન ટનલ ૮ મીટરનો માર્ગ ધરાવે છે. એ ૫.૫૨૫ મીટરનું ઓવરહેડ ક્લીઅરન્સ ધરાવે છે. આ ટનલ ૧૦.૫ મીટર પહોળી અને ઈમરજન્સી કે કટોકટીની સ્થિતિમાં ૩.૬ ટ ૨.૨૫ મીટરનો નીકળવાનો માર્ગ ધરાવે છે, જે મુખ્ય ટનલની અંદર જ બનાવવામાં આવ્યો છે.

અટલ ટનલમાંથી કલાકદીઠ મહત્તમ ૮૦ કિલોમીટરની ઝડપે દરરોજ ૩૦૦૦ કાર અને ૧૫૦૦ ટ્રક પસાર થઈ શકશે. આ ટનલ અત્યાધુનિક ઈલેક્ટ્રોમિકેનિકલ સિસ્ટમ ધરાવે છે, જેમાં સેમી ટ્રાન્સવર્સ વેન્ટિલેશન સિસ્ટમ, SCADA કન્ટ્રોલ ફાયરફાઈટિંગ, ઈલ્યુમિનેશન અને મોનિટરિંગ સિસ્ટમ સામેલ છે.

રોહતાંગ પાસ નીચે વ્યૂહાત્મક ટનલ બનાવવાનો ઐતિહાસિક નિર્ણય ૦૩ જૂન, ૨૦૦૦ના રોજ તત્કાલિન પ્રધાનમંત્રી સ્વ. અટલ બિહારી વાજપેયીએ લીધો હતો. ત્યારબાદ ટનલના સાઉથ પોર્ટલને જોડતા એક્સેસ રોડ માટે શિલારોપણ ૨૬ મે, ૨૦૦૨ના રોજ થયું હતું.

## હાથરસ ગેંગરેપઃ TMC સાંસદોના પ્રતિનિધિ મંડળ સાથે પોલીસનું ઘર્ષણ

લખનૌ,

ઉત્તર પ્રદેશમાં હાથરસ ગેંગરેપ કેસમાં રાજકીય ગરમાવો ચરમસીમાએ છે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી બાદ આજે શુક્રવારે તૃણમુલ કોંગ્રેસના નેતાઓનું એક જુથ ગેંગરેપ પીડિતાના પરિજનોને મળતા હાથરસ જઈ રહ્યું હતું. આ દરમિયાન TMCના નેતા ડેરેક ઓ'બ્રાયન સાથે રાહુલ ગાંધી જેવી જ દુર્ઘટના ઘટી હતી તો TMCના મહિલા નેતાએ મહિલા પોલીસકર્મીઓ પર ગંભીર આરોપ લગાવ્યો હત્તો.

તૃણમૂલની નેતા મમતા ઠાકુરે કહ્યું હતું કે, મહિલા પોલીસકર્મીઓએ અમારા બ્લાઉઝ ખેંચ્યા અને અમારી સાંસદ પ્રતિમા મંડળ પર લાઠીચાર્જ કર્યો. જેના



કારણે તે નીચે ફસડાઈ પડ્યા હતાં. મહિલા પોલીસના હોવા છતા મેઈલ પોલીસે મહિલા સાંસદને હાથ લગાવ્યો જે અત્યંત શરમજનક બાબત છે.

આજે TMCના નેતા ડેરેક ઓ'બ્રાયન સહિત તૃણમૂલ કોંગ્રેસનું એક પ્રતિનિધિમંડળ હાથરસ જઈ રહ્યું હતું. હાથરસમાં તેઓ પીડિતાના પરિજનોને મળવા જઈ રહ્યાં હતાં. પરંતુ જેવા TMCના નેતાઓ હાથરસની સરહદે પહોંચે તે પહેલા જ તમામને પોલીસે અટકાવ્યા હતાં. આ દરમ્યાન સાંસદ ડેરેક ઓ બ્રાયનને ધક્કા માર્યા અને ત્યાંથી ખસેડવા લાગ્યા. આ ધક્કામુક્કીમાં બ્રાયન ફસડાઈ પડ્યા હતા. જોકે ઘટનાસ્થળે હાજર પોલીસ અધિકારીઓએ ઓ'બ્રાયનને તરત ઉભા કરી લીધા હતાં.

TMC નેતા મમતા ઠાકુરે આરોપ લગાવ્યો હતો કે, અમે ગેંગરેપ પીડિતાના પરિજનોને મળવા જઈ રહ્યાં હતાં, પરંતુ અમને તેની મંજુરી નહોતી આપવામાં આવી. જોકે અમે જવા માટે દબાણ કર્યુ તો મહિલા પોલીસકર્મીઓએ અમારા બ્લાઉઝ ખેંચ્યા હતાં. અમારી સાંસદ પ્રતિભા મંડલ પર લાઠીચાર્જ કરવામાં આવ્યો. તેઓ નીચે પડી ગયા. આ દરમિયાન પુરૂષ અધિકારીઓએ તેમને સ્પર્ષ કર્યો હતો. જે અત્યંત શરમજનક છે.

પોલીસે કરી ધક્કામુકી : ટીએમસી સાંસદ

હાથરસ બોર્ડર પર ઘટેલી ઘટનાને લઈને ટીએમસી સાંસદ પ્રતિભા મંડલે કહ્યું હતું કે, અમે મમતા બેનરજી તરફથી કથિત બળાત્કાર પીડિતાના પરિજનોને મળવા માટે મોકલ્યા હતાં જેથી કરીને અમે અમારી સંવેદના વ્યક્ત કરી શકીએ. જોકે અમે અમારો પરિચય આપ્યો તેમ છતાંયે અમને પરિવારજનોને મળતા અટકાવવામાં આવ્યા. એટલુ ઓછુ હોય તેમ અમારી સાથે પોલીસે ધક્કામુકી પણ કરી. જો ઉત્તર પ્રદેશ પોલીસ મહિલા સાંસદનું સમ્માન નથી કરી શકતી તો સામાન્ય લોકોની સ્થિતિ શું હશે તેની તો કલ્પના જ કરવી રહી.

## રાજ્ય સરકારે જાહેર કર્યુ અનલોક-૫નું જાહેરનામું, શાળા શરૂ કરવા મુદ્દે નિર્ણયની સંભાવના

ગાંધીનગર,

કોરોના વૈશ્વિક બિમારી વચ્ચે કેન્દ્ર સરકારે બુધવારે અનલોક-૫ની ગાઈડલાઈન્સ જાહેર કર્યા બાદ રાજ્ય સરકારે પણ જાહેરનામું જાહેર કરી દીધી છે, જેમાં ૧૫ ઓક્ટોબર બાદ શાળા ખોલવા મુદ્દે સમીક્ષા, શિક્ષણજગત, મનોરંજન, સામાજિક કાર્યક્રમો અંગે વિચાર વિમર્શ કરવાની જાહેરાત કરી છે. ગુજરાત સરકારના જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે કે કેન્દ્ર સરકારની ગાઈડલાઈનનું પાલન કરાશે. આ વિશે મળતી માહિતી પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા અનલોક ૫ ને લઈ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

કેન્દ્રની ગાઈડલાઈનનું ચુસ્ત પણે પાલન કરવાની જાહેરાતની સાથે ગૃહ વિભાગ દ્વારા એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેમાં શાળાઓ, કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ અને કોલેજો શરૂ કરવા બાબતે નિર્ણય લેવાશે. આ સિવાય ૧૫ ઓક્ટોબર બાદ શાળા શરૂ કરવા બાબતે રાજ્ય સરકાર સમિક્ષા કરશે. કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને આખરી નિર્ણય લેવાની સત્તા આપી છે. થિયેટર, સ્પોર્ટ્સ મેન માટે સ્વિમિંગ પુલ શરૂ કરવા મંજૂરી અપાઈ છે. વિવિધ એન્ટરટેઈન્મેન્ટ પાર્ક પણ કેન્દ્રની ગાઈડલાઈન મુજબ ચાલુ કરી શકાશે.

- કન્ટેન્મેન્ટ ઝોન બહાર સામાજિક/શૈક્ષણિક/મનોરંજન/સાંસ્કૃતિક/ધાર્મિક/રાજકીય મેળાવડા તથા સભાઓમાં ૧૦૦થી વધુ વ્યક્તિની હાજરી અંગે જે-તે રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ નિર્ણય લઈ
- સિનેમા-મલ્ટિપ્લેક્સ-થિયેટર્સને ૫૦% સીટિંગ કેપેસિટી સાથે શરૂ કરી શકાશે.
- સ્વિમિંગ પૂલ ખૂલશે. મનોરંજન પાર્ક તથા એનાં જેવાં સ્થળોને ખોલવા મંજૂરી અપાશે.
- તમામ ધાર્મિક સ્થળો ૭ જૂન, ૨૦૨૦ના દિવસે આરોગ્યમંત્રાલયે જાહેર કરેલી એસઓપી મુજબ જ રહેશે.
- રાજ્યની હોટલ્સ અને રેસ્ટોરાં રાત્રે ૧૧ વાગ્યા સુધી ખુલ્લી રહી શકશે અને ટેક અવે માટે કોઈ લિમિટ આપવામાં આવી નથી.
- શોપિંગ મોલ્સ ૮મી જૂને જાહેર થયેલા નિયમો સાથે યથાવત્ રહેશે.
- લાઈબ્રેરી ૬૦ ટકા લોકોની કેપેસિટી સાથે ખોલી શકાશે.
- રાજ્યમાં GSRTC/ સિટી બસ/ પ્રાઈવેટ બસ સર્વિસમાં ૭૫ ટકા લોકોને બેસાડી શકાશે.
- મેટ્રો રેલ સેવા કેન્દ્ર સરકારની ગાઈડલાઈન્સ પ્રમાણે યથાવત્ રહેશે.

રાજ્યમાં શાળા, કોચિંગ સંસ્થાઓ ૧૫મી ઓક્ટોબર બાદ પુનઃશરૂ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવશે.

### ૨૦૨૧ સુધીમાં કોરોના વાયરસની વેક્સિન આવી શકે છે

## કોરોના મહામારીથી એક-બે વર્ષમાં મુક્તિ મળી શકે છેઃ એમ્સ ડાયરેક્ટર

ન્યુ દિલ્હી,

એમ્સના ડાયરેક્ટર ડો. રણદીપ ગુલેરીયાએ આવનારા વર્ષની શરૂઆતમાં કોરોના વાયરસની વેક્સિન આવી જવાની આશા લગાવી છે. એક કાર્યક્રમમાં ડોક્ટર ગુલેરીયાએ કહ્યું હતું. કે, જો બધુ બરાબર રહ્યું તો જાન્યુઆરી ૨૦૨૧ સુધીમાં કોરોના વાયરસની વેક્સિન આવી શકે છે. તેણે કહ્યું કે,



દૂનિયાને એક બે વર્ષમાં કોરોના મહામારીમાંથી મુક્તિ મળશે.

ભારત જેવી આબાદી વાળા દેશોમાં કોરોના વાયરસની વેક્સિનનું કેવી રીતે વિતરણ કરવામાં આવશે તેના જવાબમાં ડોક્ટર ગુલેરીયાએ કહ્યું કે, જો આ મહામારીને પૂર્ણ કરવી હશે તો પ્રાયોરીટીની સાથે વેક્સિનેશન કરવું પડશે. તેણે કહ્યું કે, મહામારી અમારી પ્રાથમિકતા પહેલા ગંભીર કેસ ધરાવતા કોરોના દર્દીઓને બચાવવાનો છે. કારણ કે, મોતના આંકડા ઉપર લગામ મુકી શકાય.

આ અંગે તેણે કહ્યું કે, જે લોકોમાં પહેલાથી ઘણી બિમારી છે. તેમાં સંક્રમણનું જોખમ વધારે છે. તેવામાં અમારી પ્રાથમિકતા વૃદ્ધ અને તેવા લોકોને બચાવવાની રહેશે. કેટલાક લોકોના શરીરમાં ઈન્ફેક્શન ઝડપથી ફેલાઈ રહ્યું છે. આવા લોકોને વેક્સિનેશન દેવામાં પ્રાથમિકતા રાખવામાં આવશે. તો સમગ્ર દૂનિયામાં વેક્સિન કેવી રીતે વહેચાશે આ સવાલના જવાબમાં તેણે કહ્યું કે, તેના માટે WHOએ કેટલીક ગાઈડલાઈન્સ બનાવી છે. જેમાં ગરીબ દેશોને પ્રાથમિકતા દેવામાં આવશે.

કોરોના વાયરસની વેક્સિનની સુરક્ષાને લઈને ડો. ગુલેરીયાએ કહ્યું છે કે, જ્યારે પણ અમે વેક્સિનનું ટ્રાયલ કરીએ છીએ તો તે જાનવરો ઉપર લાંબા સમય સુધી ટ્રાયલ કરીએ છીએ. સમયનો બચાવ કરવા માટે પહેલા, બીજા અને ત્રીજા ફેઝમાં ટ્રાયલની સાથે ચાલી રહ્યું છે. જ્યારે અમે કોરોના વેક્સિન ઉતારીશું તો જે લોકોને વેક્સિન લગાવવામાં આવશે તો તેના ઉપર નજર રાખવામાં આવશે. તેના ઉપર કોઈ પણ પ્રકારની સાઈડ ઈફેક્ટ ન થાય. અલગ અલગ ઉંમરના લોકો અને જાતીના લોકોમાં પણ વેક્સિનનો પ્રભાવ જોવાનો રહેશે. વેક્સિનની સુરક્ષાનું પુરી રીતે ધ્યાન રાખવામાં આવશે.

## ખેડૂત બિલ અને સ્કૂલોની ૧૦૦ ટકા ફી માફી મુદ્દે કોંગ્રેસના ધરણા, ૨૦ની અટકાયત



ભરૂચ,

ભરૂચના જિલ્લા કોંગ્રેસ દ્વારા આજે ખેડૂત બિલનો વિરોધ અને સ્કૂલોમાં પ્રથમ સત્રની સંપૂર્ણ ફી માફીની માંગ સાથે ધરણા કર્યા હતા. આ સમયે કોંગ્રેસના કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. પોલીસે વિરોધ કરી રહેલા કોંગ્રેસના ૨૦ જેટલા કાર્યકરો અને અગ્રણીઓની અટકાયત કરી હતી. ભરૂચ શહેરના રેલવે સ્ટેશન પાસે આવેલી ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસે જિલ્લા પ્રમુખ પરિમલસિંહ રણાની આગેવાનીમાં કોંગ્રેસે ખેડૂત બિલ અને ફી માફી મુદ્દે ધરણા યોજ્યા હતા અને ભાજપ સરકાર સામે પોસ્ટર્સ સાથે ભારે સૂત્રોચ્ચારો કર્યા હતા.

વિરોધ પ્રદર્શન કરી રહેલા કોંગ્રેસના આગેવાનો અન કાર્યકરોની પોલીસે અટકાયત કરવાનું શરૂ કરતા પોલીસ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું હતું. જોકે પોલીસે કોંગ્રેસના ૨૦ જેટલા કાર્યકરો-અગ્રણીઓની અટકાયત કરી હતી. સરકાર ખેડૂત વિરોધી બિલ લાવીને હરિયાળી ક્રાંતિને નામશેષ કરવાનું ષડયંત્ર કરી રહી છે.કોંગ્રેસ અગ્રણીઓએ આક્ષેપ કર્યો હતો કે, કેન્દ્ર સરકાર પોલીસ દમન દ્વારા ખેડૂતોનો અવાજ દબાવી નાખવાનો પ્રયાસ કરી રહી છે અને ખેડૂત વિરોધી બિલ લાવીને હરિયાળી ક્રાંતિને નામશેષ કરવાનું ષડયંત્ર કરી રહી છે.

બીજી તરફ રાજ્ય સરકારે ખાનગી સ્કૂલોની માત્ર ૨૫ ટકા ફી માફ કરીને ગુજરાતના વાલીઓનો ઉપહાસ કર્યો છે. આ સંજોગોમાં અમે પ્રથમ સત્રની ૧૦૦ ટકા ફી માફીની માંગણી સાથે આજે વિરોધ પ્રદર્શન કર્યું છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને પૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીની જન્મજયંતિએ કિશાન-મજૂર બચાવો દિવસ તરીકે પાળવાનું નક્કી કર્યું હતું. જેને લઈને ભરૂચમાં આજે કોંગ્રેસે વિરોધ પ્રદર્શનના કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના હોદ્દેદારો, આગેવાનો અને કાર્યકરો હાજર રહ્યા હતા.

### આજથી કોંગ્રેસ કૃષિ કાયદા વિરુદ્ધ આંદોલન શરૂ કરશે

## કોઈની સામે નમીશ નહીં, અસત્યને સત્ય દ્વારા જીતીશ : રાહુલ ગાંધીનો પડકાર

ન્યુ દિલ્હી,

કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ આજે બીજી ઓક્ટોબરે ગાંધી જયંતીના પવિત્ર પ્રસંગે ટ્વીટ કરી હતી કે હું અન્યાય સામે લડતો રહીશ. કોઈની સામે ઝુકીશ નહીં. અસત્ય સામે સત્ય દ્વારા વિજય મેળવીશ.



આવતી કાલ શનિવાર ત્રણ ઓક્ટોબરથી કોંગ્રેસ પક્ષ કૃષિ કાયદા સામે વિરોધ આંદોલન શરૂ કરવાનો છે એની પૂર્વ સંધ્યાએ રાહુલે આ ટ્વીટ કરી હતી. ગુરૂવારે હાથરસમાં કૂચ કરવાના તેમના પ્રયાસને ઉત્તર પ્રદેશની પોલીસ સફળ થવા દીધો નહોતો. ધક્કામુક્કીમાં રાહુલ ગબડી પડ્યા હતા અને તેમના અંગુઠામાં ઈજા થઈ હતી.

આમ છતાં રાહુલનો આક્રમક મિજાજ ઠંડો પડ્યો નહોતો. આવતી કાલથી કોંગ્રેસ ટ્રેક્ટર રેલી શરૂ કરવાનો છે. વિવિધ રાજ્યોમાં થઈને આ ટ્રેક્ટર રેલી પાંચમી ઓક્ટોબરે હરિયાણામાં પ્રવેશવાની છે. ત્રણ દિવસમાં આ ટ્રેક્ટર રેલી પચાસ કિલોમીટરનું અંતર કાપવા ધારે છે. રાહુલને એવી આશા હતી કે વિવિધ કિસાન સંઘો પણ કોંગ્રેસના આ પગલાને સાથ સહકાર આપશે. એ વાત જુદી છે કે કિસાન સંઘોએ કોઈ પણ રાજકીય પક્ષ કે નેતાનો સપોર્ટ માગ્યો નથી.

દરમિયાન, હરિયાણાના ગૃહ પ્રધાન અનિવ વીજે કહ્યું હતું કે રાહુલને પંજાબમાં જે કરવું હોય તે કરે. હરિયાણામાં અમે તેમને પ્રવેશવા નહીં દઈએ. કોંગ્રેસના પ્રવક્તાએ એવો દાવો કર્યો હતો કે રાહુલ હરિયાણામાં રેલી યોજશે અને સભા સંબોધશે.

કોંગ્રેસે એવો પણ દાવો કર્યો હતો કે પંજાબના કોંગ્રેસી મુખ્ય પ્રધાન કેપ્ટન અમરીન્દર સિંઘ, કોંગ્રેસના પંજાબના પ્રભારી હરીશ રાવત, પંજાબ કોંગ્રેસના અધ્યક્ષ સુનીલ જાખડ વગેરે પણ આ રેલી અને સભાઓમાં સહભાગી થશે.

જન્મ-મરણની નોટીસ
ફક્ત ૧૬૦૦ રૂા.માં ફીક્સ
પંચમહાલ સમાચાર દૈનિક
ગોધરા

## વ્હાઈટ હાઉસમાં કોરોનાની એન્ટ્રીઃ ટ્રમ્પ દંપતિ પોઝિટિવ

વૉશિંગ્ટન,

અમેરિકી રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી માથા પર છે ત્યારે ખુદ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ કોરોના પોઝિટિવ હોવાના સમાચારે ખળભળાટ મચાવી દીધો હતો. અત્યાર અગાઉના અહેવાલ મુજબ ચૂંટણી પ્રચારમાં ટ્રમ્પની સાથે ફરતી મહિલા સહાયક હોપ હિક્સને કોરોના પોઝિટિવ આવ્યો હતો. એ જાણીને ટ્રમ્પે પોતાને ક્વોરંટાઈનમાં મૂક્યા હતા.

આજે સવારે ખુદ ટ્રમ્પે ટ્વીટ કરીને આ સમાચાર જાહેર કર્યા હતા. તેમને કોરોના પોઝિટિવ આવવા ઉપરાંત તેમનાં પત્ની મેલાનિયાને પણ કોરોના પોઝિટિવ હોવાના રિપોર્ટ પ્રગટ થયા હતા. હવે ઓછામાં ઓછા ૧૪ દિવસ ટ્રમ્પ જાહેરમાં ફરી નહીં શકે કે ચૂંટણી પ્રચાર કરી નહીં શકે. તેમણે મિનિમમ ૧૪ દિવસ ક્વોરંટાઈનમાં રહેવું પડશે. અત્રે એ યાદ કરવા જેવું છે કે અમેરિકામાં કોરોના



ફેલાયો એ પરિસ્થિતિને હલ કરવામાં ટ્રમ્પના વહીવટી તંત્રે જે ગફલો કર્યો એની આકરી ટીકા દુનિયાભરના મિડિયાએ કરી હતી. ટ્રમ્પ પોતે લાંબા સમયથી માસ્ક વિના જાહેરમાં ફરતા હતા. લાંબો સમય એમના આ વર્તનની ટીકા થઈ ત્યારબાદ તેમણે માસ્ક પહેરવાનું શરૂ કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ડોનાલ્ડ ટ્રમ્પના બહુ જ નજીકના મહિલા સહયોગી હોપ હિક્સનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના કાઉન્સિલર હોપ હિક્સે તાજેતરમાં જ ટ્રમ્પની સાથે ઓહિયોમાં આયોજિત પ્રથમ પ્રેસિડેન્શિયલ ડિબેટમાં ભાગ લીધો હતો. તાજેતરમાં ટ્રમ્પ અને તેમના નિકટતમ પ્રતિસ્પર્ધી જો બીડેને પ્રેસિડેન્શ્યલ ડિબેટ કરી હતી. એમાં ટ્રમ્પે બીડેને પહેરેલા માસ્કની મજાક ઊડાવી હતી. ત્યારે બીડેને તેમની ટીકા કરી હતી. હવે ટ્રમ્પ પોતે કોરોના પોઝિટિવ જાહેર થયા હતા.

જોકે, વ્હાઈટ હાઉસના પ્રવક્તા જૂડ ડીરે કહ્યું કે, રાષ્ટ્રપતિ પોતાની સાથે અમેરિકન લોકો માટે કામ કરનારા તમામ લોકોના સ્વાસ્થ્ય અને સુરક્ષા માટે ગંભીર છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને તેમની સાથે યાત્રા કરનારા લોકોને હંમેશા સાવધાની રાખવાનું કહે છે.

## મહીસાગર જિલ્લામાં રૂા.૨.૧૦ કરોડના ખર્ચે તૈયાર થયેલ ૩૦ નંદઘરનું

# મુખ્યમંત્રીના વરદ હસ્તે ઈ- લોકાર્પણ તેમજ નવિન ૭૩ નંદઘરનું ઈ- ભૂમિપૂજન કરાયું

લુણાવાડા,
ગુજરાત રાજ્ય આઈ સી ડી એસ મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ૨જી ઓક્ટોબર ગાંધી જયંતિ અવસરે મુખ્યમંત્રીના વરદ હસ્તે આંગણવાડી, સેજા કચેરી અને બ્લોક ઓફિસના નવનિર્મિત ભવનોનું ઈ લોકાર્પણ , ઈ–ભૂમિપૂજન તથા NITA ( નંદઘર ઈન્ફોર્મેશન ટ્રેકીંગ એપ્લીકેશન)નું લોન્ચિંગ રાષ્ટ્રીય સ્વચ્છતા દિવસ નિમિત્તે હેન્ડ વોશિંગ કાર્યક્રમ અને જિલ્લા કક્ષાના માતા યશોદા એવોર્ડ વિતરણ મહીસાગર જિલ્લા કક્ષાનો કાર્યક્રમ લુણાવાડા બાવન પાટીદાર સમાજ ઘર ખાતે નર્મદા અને શહેરી ગૃહ નિર્માણ રાજ્યકક્ષાના મંત્રી યોગેશભાઈ પટેલ, અન્ન અને નાગરિક પુરવઠા નિગમ ચેરમેન રાજેશભાઈ


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

પાઠકના અધ્યક્ષ સ્થાને અનેમહાનુભાવોના વરદ હસ્તે દીપપ્રાગટ્ય કરી પોષણ આરતી સાથે શુભારંભ કરવામાં આવ્યો.

પુજ્ય બાપુની ૧૫૧ જન્મજયંતી નિમિત્તે મંત્રી યોગેશભાઈ પટેલે મહાત્મા ગાંધીજીએ સ્વચ્છતા, સફાઈને જે આજીવન અહેમિયત આપી હતી તેનો ઉલેખ કરતાં જણાવ્યું કે, પુજ્ય બાપુ કહેતા કે સ્વતંત્રતા જેટલુ જ મહત્વ સ્વચ્છતાનું છે. આજના કોરોના સંકટના વૈશ્વિક સંક્રમણમાં માસ્કનો ઉપયોગ, વારંવાર હાથ સેનેટાઈઝ કરવા, દો ગજ કી દુરી થી સોશિયલ ડિસ્ટન્સ એ જ સ્વચ્છતા અને સ્વસ્થતાના સરળ–સહજ ઉપાયો છે. સૌના હિત સૌના ઉત્કર્ષની પ્રતિબધ્ધતા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં પાર પાડવી છે. મંત્રીએ ગુજરાતે સદા સર્વદા ગાંધીજીના આદર્શ, ગાંધી વિચાર અને તેમના ચિંધેલા માર્ગે ચાલીને દેશ અને દુનિયાનું માર્ગદર્શન કર્યું છે તેનો પણ વિશેષ ઉલેખ કર્યો હતો. વધુમાં કુપોષણમુકત ગુજરાત બનાવવાના મુખ્યમંત્રીના સ્વપનને સાકાર કરવા સૌને સંકલ્પબધ્ધ બનવા અપીલ કરી હતી. વધુમાં મંત્રીએ જણાવ્યું કે, મહિલા સશકિતકરણ અને બાળકોના વિકાસ અને પોષણ માટે આંગણવાડીની બહેનો સતત સક્રિય રહીને કામ કરી રહી છે ત્યારે આ માતાઓને યશોદા એવોર્ડથી સન્માનિત કરતાં આનંદ અને ગૌરવની લાગણી થાય છે. આજે પૂજય મહાત્મા ગાંધીજીના જન્મદિન– રાષ્ટ્રીય સ્વચ્છતા દિવસે ગુજરાતની પાંચ લાખથી વધુ મહિલાઓ એક સાથે હેન્ડવોસનો પ્રયોગ કરીને સ્વચ્છતાના સંકલ્પને સાકાર કરવા સંકલ્પબધ્ધ થઈ છે ત્યારે આ મહિલાઓને શુભેચ્છાઓ પાઠવું છું.

આ પ્રસંગે ચેરમેન પાઠકે જણાવ્યું હતું કે, આંગણવાડીની બહેનો ખુબ સારૂ કામ કરે છે. બાળકોને રમત–ગમતની સાથે માનસિક વિકાસ કરવામાં બહેનોનો મહત્વનો ફાળો રહ્યો છે. આંગણવાડીમાં બાળકોને આરોગ્યપ્રદ નાસ્તો, ભોજન આપવામાં આવી રહ્યું છે.

મહાનુભાવોના પ્રાસંગિક ઉદબોધન બાદ રાજયકક્ષાએથી મુખ્યમંત્રીની અદયક્ષતામાં જીવંત કાર્યક્રમમાં જોડાયા હતા. મહીસાગર જિલ્લામાં પણ મુખ્યમંત્રીના વરદ હસ્તે રૂા.૨.૧૦ કરોડના ખર્ચે તૈયાર થયેલ ૩૦ નંદઘરનું ઈ– લોકાર્પણ કરવામાં આવ્યું ઉપરાંત ૭૩ નંદઘરનું ઈ– ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય સ્વચ્છતા દિવસ નિમિત્તે મહીસાગર જિલ્લામાં હેન્ડવોશના મહાયજ્ઞમાં જોડાઈને ૧૩૦૦૦ હેન્ડવોશ કીટ વિતરણ કરીને ૧૩૦ સ્થળોએ હેન્ડવોશ કાર્યક્રમમાં ૧૩૦૦૦ જિલ્લાવાસીઓ સહભાગી થયા અને સ્વચ્છ ભારત સ્વચ્છ ગુજરાત સ્વચ્છ મહીસાગરના સંકલ્પને ચરિતાર્થ કરવા અપીલ કરી હતી. જિલ્લા કક્ષાના કાર્યક્રમ સ્થળે મહાનુભાવોના વરદ હસ્તે આંગણવાડીના ૧૦ લાભાર્થીઓને હેન્ડવોશ કીટ અને સહભાગી પ્રમાણપત્ર આપવામાં આવ્યા.

જિલ્લામાં શ્રેષ્ઠ કામગીરી કરનાર માતા યશોદા એવોર્ડ ખાનપુર તાલુકાના બોરવાઈ ૧ ના આંગણવાડી કાર્યકર લીલાબેન માલીવાડને રૂ. ૩૧૦૦૦નો ચેક , સ્મૃતિ ચિન્હ, પ્રમાણપત્ર અને તેડાગર બેન કૈલાસબેન પારગીને રૂ. ૨૧૦૦૦ નો ચેક, સ્મૃતિ ચિન્હ, પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યા હતા.

## મહીસાગર જિલ્લામાં આજે ૧૧ પોઝિટિવ કેસ નોંધાયા : અત્યાર સુધી જિલ્લામાં કોરોના ના કુલ ૧૦૮૮ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,
સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં



આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, લુણાવાડા તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૪ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોના (COVID 19)ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૨–૧૦–૨૦૨૦ ના સાંજના ૫–૦૦ વાગ્યા સુધીમાં ૧૦૮૮ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૬ સ્ત્રી, ૦૪ પુરૂષ, ખાનપુર તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૯ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૩ પુરૂષોએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૯૪૨ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૩ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૧ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૫૪૩૦૬ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૫૯ વ્યકિતઓને હોમ કવોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૪ દર્દી કે. એસ. પી હોસ્પિટલ બાલાસિનોર, ૧૧ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૬૩ દર્દી હોમ આઈસોલેશન, ૦૮ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC), ૩ દર્દી SDH સંતરામપુર, ૦૬ અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૯૯ દર્દીઓ સ્ટેબલ, ૦૫ દર્દીઓ ઓકિસજન પર અને ૦૧ વેન્ટીલેટર અને છે.

## લુણાવાડાના મધવાસ ગામે મનરેગાના કામોની શ્રમજીવીઓને નાણાં ન ચુકવાતા DDOને રજુઆત

લુણાવાડા,
કોરોનાના કપરા કાળમાં તળાવ ઉંડુ કરવાની કાળી મજુરી કરનાર મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના મધવાસ નવી વસાહતના ૧૭ થી વધુ શ્રમજીવીઓને મનરેગા અંતર્ગત રાજગારીના નાણાં ન મળતા જિલ્લા વિકાસ અધિકારીને લેખિતમાં રજુઆત કરતા મનરેગામાં રોજગારીના નાણાં ચુકવવાની પ્રક્રિયા સામે અનેક સવાલો ઉભા થયા છે.

લુણાવાડા તાલુકા પંચાયતના માદયમથી મહિસાગર જિલ્લા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરતા જણાવ્યુ છે કે મધવાસ નવી વસાહતના ખાંટ રમણભાઈ સહિત ૧૭ થી વધુ અરજદારોએ જિલ્લા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરી જણાવ્યુ હતુ કે, તેઓએ ૪ અઠવાડિયાથી વધુ દિવસ તળાવ ઉંડુ કરવાની કામગીરી કરી છે પરંતુ તેમને મહેનતાણાના નાણાં આજદિન સુધી મળ્યા નથી. બીજી તરફ કોરોનાની મુશ્કેલ પરિસ્થિતિમાં શ્રમજીવી પરિવાર માટે સરકારે આશાનુ કિરણ બનીને આવેલી મનરેગા યોજનામાં મહેનતાણાના નાણાં હજુ સુધી ન મળતા અનેક સવાલો ઉભા કરે છે.

મધવાસ ગામના તલાટીને આ અંગે પુછપરછ માટે કોલ કરતા ફોન ઉપાડવાની તસ્દી પણ લીધી ન હતી. સરકારની ઓનલાઈન નાણાં ચુકવવાની ડી.બી.ટી.પ્રક્રિયામાં કોઈ ખામી સર્જાય હોય કે પછી સરપંચ, તલાટી, સુપરવાઈઝર, કારકુન, હાજરી પુરનાર, તાલુકા પંચાયતના જવાબદાર અધિકારી, કર્મચારીઓ દ્વારા કોઈ અધુરી કામગીરીનો ભોગ શ્રમજીવીઓ બન્યા હોય આ અંગે સત્વરે તપાસ કરી મનરેગા અંતર્ગત રોજગારીના નાણાં ચુકવવા માંગ ઉઠી છે.

## ખાનપુર APMCના ચેરમેન ચણા ખરીદીમાં કૌભાંડ આચરતા સસ્પેન્ડ કરાયા

ખાનપુર,
મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના લીંબડીયા એપીએમસી માર્કેટમાં ચણાના ટેકાના ભાવે ખરીદીમાં સસ્તા ભાવે બહારથી ચણા લાવી સરકારના નિર્ધાર કરેલ ટેકાના ભાવમાં ખપાવી વચ્ચેની કમાણી ચેરમેન કરતા હોવાની બાતમી જિલ્લા વહીવટી તંત્રને આપી હતી. જેને લઈને વહીવટી તંત્ર દ્વારા એપીએમસી માર્કેટમાં રેડ કરવામાં આવી હતી અને ૨૬૪ કટ્ટા તેમજ ૫૦ મણ જેટલા છુટ્ક ચણા વધારાના મળી આવ્યા હતા. અને ગુજકો માર્સલના કર્મચારીઓ પણ આ ખરીદીનો માલ ન હોવાનુ જણાવતા મામલતદાર દ્વારા ગોડાઉન સીલ કરી મુદ્દામાલ સહિત એપીએમસી ના રજીસ્ટર, બિલબુક સહિતના અન્ય દસ્તાવેજો જપ્ત કરી વધારાના ચણા કયાંથી આવ્યા તે દિશામાં તપાસ હાથ ધરી દેવામાં આવી હતી. એપીએમસી ના સેક્રેટરીને સમગ્ર મામલે પુછતા તેમણે જણાવ્યુ હતુ કે, ચેરમેન ભુલાભાઈ પટેલના કહેવા મુજબ માલ મુકયો હોવાનુ કબુલ્યુ હતુ. આમ ખેતીવાડી બજાર સમિતિના ચેરમેન ભુલાભાઈ દ્વારા ખરીદી સમયે વપરાયેલી ખાનપુર એપીએમસી ની બિલબુકના બિલો કૌભાંડ આચરવા માટે બનાવવામાં આવ્યા હતા. તેમજ બે સોગંધનામાં દ્વારા ચેરમેન ભુલાભાઈ પટેલ પર આક્ષેપો કરવામાં આવ્યા હતા. આ તમામ પુરાવાને આક્ષેપોની ચાર મહિના જેટલી જીવણટભરી લાંબી તપાસ બાદ ખેતીવાડી બજાર સમિતિના ચેરમેન ભુલાભાઈ પટેલ દ્વારા મસમોટુ કૌભાંડ કર્યુ હોવાનુ સાબિત થતા ભુલાભાઈ પટેલ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી હતી. અને ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર નિયામક વાય.એ.બલોચ દ્વારા ભુલાભાઈ પટેલને ચેરમેન પદેથી દુર કરવાનો હુકમ કરાયો હતો.

## કાલોલ તાલુકાની ૨૪ પ્રાથમિક શાળાઓમાં ૨ ઓક્ટોબરના રોજ હેન્ડ વોશ કેમ્પેઈંગ કાયેક્રમ યોજાયો


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,
દેશભરમાં ૨ ઓક્ટોબર ગાંધીજીના જન્મ દિવસ તરીકે જાણીતો છે. તેમજ આ દિવસ વિશ્વ સ્વચ્છતા દિવસ તરીકે ઉજવવામાં આવતો હોય છે. જયારે ૨ ઓક્ટોબરના દિવસે આઈ.સી.ડી.એસ.નો પણ જન્મ દિવસ તરીકે ગણાતો હોય છે. જયારે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા કોરોનાના ભરડાને દયાનમાં રાખીને ગુજરાત પોષણ અભિયાન હેઠળ કોવિડ–૧૯ ના કપરા સમયમાં સોસિયલ ડિસ્ટન સાથે ખાસ વાંરવાર હાથ ધોવા પર ભાર મુકવા ૨ ઓક્ટોબર ૨૦૨૦ ગાંધી જયંતિના દિવસે તમામ આંગણવાડી કેન્દ્રોમાં ગુજરાત હેન્ડ વોશિંગ કેમ્પેઈંગ એટ નંદઘર ઝુંબેશ રૂપે સ્વચ્છતા બાબતે જનજાગૃતિ માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું વિજય રૂપાણી દ્વારા લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યના જિલ્લામાં પસંદગી કરેલ પ્રાથમિક શાળાઓમાં આ કાયેક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકા આંગણવાડી, આરોગ્ય વિભાગ,અને પ્રાથમિક શાળાઓના સંયુક્ત ઉપક્રમે કાલોલ તાલુકામાં આંગણવાડીના બે ઘટકોમાં ૨૪ પ્રાથમિક શાળાઓમાં હેન્ડ વોશ કેમ્પેઈંગ કયેક્રમ યોજાયો હતો.જેમાં દરેક પ્રાથમિક શાળાઓમાં ૧૦૦ જે કુલ મળીને ૨૪૦૦ કિશોરીઓ અને માતાઓએ આ કાયેક્રમમાં ભાગ લીધો હતો. જેમને સુરત શક્તિ ફાઉન્ડેશન દ્વારા પંચમહાલ જિલ્લાને ગાંધીજીના સ્ટીકર સાથેની હેન્ડ બેગ એક માસ્ક અને પ્રમાણ પત્ર ડોનેટ કરવામાં આવ્યા હતાં.


જેનાં ભાગરૂપે ડેરોલ પ્રાથમિક શાળામાં ૨ ઓક્ટોબર ૨૦૨૦ ના રોજ આંગળવાડી કાયેકર અને તેડાઘર બહેનો, પ્રાથમિક શાળાની મહીલા શિક્ષક સ્ટાફ ગણ,ડેરોલ પ્રાથમિક આરોગ્ય બહેનો, તેમજ કાલોલ નોડલ અધિકારી અને ગ્રામ્ય પંચાયત સરપંચની ઉપસ્થિતિમાં સોસિયલ ડિસ્ટન સાથે ૧૦૦ જેટલી કિશોરીઓ અને માતાઓને કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તદુપરાંત આ કાયેક્રમનું લાઈવ પ્રસારણ નિહાળી માગેદશેન લીધું હતું. આ કાયેક્રમમાં હાથને સેનેટાઈઝથી સાફ કરી પાણીથી ધોવામાં આવ્યાં હતાં.

## કોરોના મહામારી: દેશમાં મૃત્યુઆંક આજે ૧ લાખને પાર પહોંચશે

ન્યુ દિલ્હી,
ભારતમાં કોરોના વાઈરસથી સંક્રમિતોની સંખ્યા સતત વધી રહી છે. છેલ્લાં ૨૪ કલાકમાં કોરોનાના ૮૧,૪૮૪ નવા પોઝિટિવ કેસ સામે આવ્યાં છે. જ્યારે આજ સમયગાળામાં વધુ ૧૦૯૫ લોકોના મરણ નોંધાયા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા અનુસાર, નવા કેસો ઉમેરાવા સાથે જ દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા વધીને ૬૩,૯૪,૦૬૯ પર પહોંચી ગઈ છે. જ્યારે કુલ મૃત્યુઆંક ૯૯,૭૭૩ થઈ ગયો છે.

દેશમાં હાલ ૯,૪૨,૨૧૭ કોરોનાના એક્ટિવ કેસ છે. જો કે રાહતની વાત છે કે, છેલ્લા ૨૪ કલાકમાં ૭૮,૬૪૬ લોકો રિકવર થઈ ચૂક્યાં છે. આ સાથે જ અત્યાર




સુધી ૫૩,૫૨,૦૭૮ દર્દીઓ સારવાર મેળવ્યા બાદ કોરોનાને માત આપવામાં સફળ રહ્યાં છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચના જણાવ્યા પ્રમાણે, ૧ ઓક્ટોબર સુધી કોરોના વાઈરસના કુલ ૭.૬૭ કરોડ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવી ચૂક્યાં છે. જેમાંથી ૧૧ લાખ કોરોના ટેસ્ટિંગ ગઈકાલે જ કરવામાં આવ્યાં હતાં.

મહારાષ્ટ્રમાં ગુરુવારે ૧૬,૪૭૬ નવા દર્દીઓ ઉમેરાયા. જેની સામે ૧૬,૧૦૪ લોકો સ્વસ્થ થઈ ગયા છે. રાજયમાં હાલ ૨,૫૯,૦૦૬ એક્ટિવ કેસ છે. અહીં કોરોના ટેસ્ટનો પોઝિટિવિટી રેટ ૨૦.૪ ટકા છે. જે સમગ્ર દેશમાં સૌથી વધુ છે. એટલે કે, અહીં દર ૧૦૦ ટેસ્ટ પર ૨૦ લોકો પોઝિટિવ આવી રહ્યાં છે.

ઉત્તર પ્રદેશમાં છેલ્લાં ૨૪ કલાકમાં ૧,૬૪,૭૮૭ ટેસ્ટ કરવામાં આવ્યાં છે. અત્યાર સુધી કુલ ૧,૦૨,૬૩,૭૦૯ ટેસ્ટીંગ કરવામાં આવ્યાં છે. રાજ્ય સરકાર દ્વારા નવી ગાઈડ લાઈન અંતર્ગત સ્કૂલ અને કોચિંગ ઈન્સ્ટીટ્યૂટ ૧૫ ઓકટોબર બાદ તબક્કાવાર ખોલવામાં આવશે.

રાહતની વાત છે કે, મૃત્યુદર અને એક્ટિવ કેસમાં સતત ઘટાડો નોંધવામાં આવી રહ્યો છે. મૃત્યુદર ઘટીને ૧.૫૬ ટકા થઈ ગયો છે. આ સિવાય એક્ટિવ કેસ, એટલે કે, જેમની સારવાર ચાલી રહી છે તેમનો દર પણ ઘટીને ૧૫ ટકા થઈ ગયો છે. આમ રિકવરી રેટ એટલે સ્વસ્થ થવાની સરેરાશ પણ ૮૩ ટકા પર પહોંચી છે. આ રીતે ભારતમાં રિકવરી રેટ સતત વધી રહ્યો છે.

(પાન નં.૪ નું ચાલુ)

### પંચમહાલ જિલ્લાના વિશાળ કાલોલ.....

એવા મહાત્મા ગાંધીના જન્મ દિવસે નગરમાં એક ગાંધી બાપુ ની પ્રતિમા ન હોવાથી ૨ ઓક્ટોબરના રોજ સમગ્ર દેશમાં ગાંધી જયંતિના દિવસે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવે છે.જયારે વિશાળ કાલોલ નગરમાં ગાંધીબાપુની પ્રતિમાં ન હોવાથી ચચોનો વિસય બની ગયો છે.નગરપાલિકા પાસે પ્રતિમા સ્થાપિત કરવા જગ્યાનો અભાવ સજોયો હોય તેવું જણાય આવે છે. દર વર્ષ ૨ ઓક્ટોબરના રોજ શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં મુશ્કેલી સજોતી હોય છે.પરંતુ પાલિકા હોદ્દેદારો નું ધ્યાન દોરવાતુ ન હોવાતુ હોય તેવું જણાય આવે છે. જેથી ૨ ઓક્ટોબરના રોજ નગરજનો શ્રંદધાનજલિ અપેણ કરી શકતાં નથી. જયારે પાલિકા હોદ્દેદારો ગાંધીબાપુની છબી પર પુષ્પાંજલિ અર્પણ કરવાની નોબત ઉપસ્થિત થતી હોય છે. કાલોલ નગરપાલિકા પાસે પ્રતિમા સ્થાપિત કરવા સંપત્તિ હોવા છતાં છોકરે મહાદેવજીના સમ ખાવાનો વારો આવે તેવી કપરી પરિસ્થિતિ કાલોલ નગર પાલિની ઉપસ્થિત થતી હોય છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨,વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૩-૧૦-૨૦૨૦, શનિવાર, અધિક આસો વદ-૨
સૂર્યોદય-૬-૪૦, સૂર્યાસ્ત-૬-૩૧, જૈન નવકારશી-૭-૨૮,
આજની રાશિ : મીન (દ.ચ.ઝ.થ.)૮-૫૧ થી મેષ (અ.લ.ઈ.), નક્ષત્રઃ રેવતી

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | -શુભ ચોઘડીયા-<br>અભિજીત-૧૨-૧૨થી ૧૨-૫૯ સુધી, ૮-૦૯થી શુભ-૯-૩૮ સુધી, ૧૨-૩૬થી ચલ-લાભ-અમૃત-૧૭-૦૨ સુધી, ૧૮-૩૧થી લાભ-૨૦-૦૨ સુધી, ૨૧-૩૩થી શુભ-અમૃત-ચલ-૨૬-૦૭ સુધી<br><br>- શુભ હોરા-<br>૭-૩૯થી ૮-૩૯ સુધી, ૧૦-૩૭થી ૧૩-૩૫ સુધી, ૧૪-૩૪થી ૧૫-૩૩ સુધી, ૧૭-૩૨થી ૨૦-૩૩ સુધી |

## દૈનિક રાશીફળ

**તા.૦૩.૧૦.૨૦૨૦ શનિવાર**

મેષ (અ.લ.ઈ.) :- ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ. કાર્યોમાં ઉન્નતિ થશે. સ્ફૂર્તિ અને જોશ રહેશે. ધર્મ તરફ ઝોક રહેશે.
વૃષભ (બ.વ.ઉ.) :- ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું.
મિથુન (ક.છ.ઘ.) :- નાણાંકીય કાર્યોમાં સંશોધનનો યોગ. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થશે. માનસિક અસ્થિરતા દૂર કરો.
કર્ક (ડ.હ.) :- દૈનિક વ્યાપાર, કૌટુંબિક માંગલિક કાર્યો. ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ.
સિંહ (મ.ટ.) :- જમીન, વાહન, મકાનના યોગ બને. સમય સુભ ફળદાયી બને. અભ્યાસમાં પ્રગતિ.
કન્યા (પ.ઠ.ણ.) :- ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ. વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર-વિમર્શનો યોગ.
તુલા (ર.ત.) :- ધૈર્યથી વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. નવા કાર્યોથી દૂર રહો.સંતાન પક્ષ સંબંધી સમસ્યાઓને લગતી યાત્રા અને ખર્ચનો યોગ.
વૃશ્ચિક (ન.ય.) :- નવા આર્થિક સ્ત્રોતો પર કાર્ય થશે. વ્યાપારિક ભાગીદારીથી લાભ પ્રાપ્ત થશે. વ્યાપારમાં નાણાંકીય મુશ્કેલીઓનો યોગ. બૌદ્ધિક હેરાનગતિ શક્ય.
ધન (ભ.ધ.ફ.ઢ.) :- ધૈર્યથી વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. નવા કાર્યોથી દૂર રહો. કોર્ટ-કચેરીના મુદ્દે સાવચેત રહેવું.
મકર (ખ.જ.) :- ધૈર્યથી વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. નવા કાર્યોથી દૂર રહો. ધાર્મિક યાત્રાનો યોગ.
કુંભ (ગ.શ.સ.) :- વાહન સુખ પ્રાપ્તિનો યોગ. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રાનો યોગ. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રાનો યોગ.
મીન (દ.ચ.ઝ.) :- શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધપૂર્ણ કાર્યમાં સમય પસાર થશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદની રૂ. ૧૮૨ લાખના ખર્ચે તૈયાર થયેલી ૨૬ આંગણવાડીઓનું ઈ-લોકાર્પણ

દાહોદ,

પૂજ્ય બાપૂના ૧૫૧માં જન્મદિનની ઉજવણી પ્રસંગે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ વિવિધ પ્રકલ્પોના ઇ–લોકાર્પણ–ભૂમિપૂજન કર્યા છે ત્યારે દાહોદ જિલ્લાની પણ ૧૮૨ લાખના ખર્ચે તૈયાર થયેલી ૨૬ આંગણવાડીઓનું ઇ–લોકાર્પણ અને ૪૬૭ લાખના ખર્ચે તૈયાર થનાર ૬૭ આંગણવાડીઓનું ઇ–ભૂમિપૂજન પણ સંપન્ન થયું છે.

તદ્ઉપરાંત પૂજ્ય બાપૂના જન્મદિવસને રાષ્ટ્રીય સ્વચ્છતા દિવસ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે ત્યારે જિલ્લામાં ૨૫૩ જગ્યાએ યોજાયેલા હેન્ડ વોશ કેમ્પેંનમાં ૨૫૩૫૦ મહિલાઓએ ભાગ લઇને રાજયનો અનોખો રેકોર્ડ સ્થાપવામાં પોતાનું યોગદાન આપ્યું છે. ઉપરાંત આજે યોજાયેલા જિલ્લા કક્ષાના માતા યશોદા એવોર્ડ વિતરણ અન્વયે ૪૬ પોષણકર્મીઓને રૂ. ૧૪.૬૦ લાખ જેટલી રકમના ઇનામ આપીને તેમની કામગીરી બીરદાવવામાં આવી છે. દાહોદ જિલ્લામાં આ સમગ્ર કાર્યક્રમ વિવેકાનંદ સંકુલ ખાતે આવેલા પંડિત દિનદયાલ હોલ ખાતે રાજયમંત્રી બચુભાઇ ખાબડની અદયક્ષતામાં યોજવામાં આવ્યો હતો.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

રાજયમંત્રી ખાબડે આજના દિવસે પૂજય બાપૂનું પુણ્ય સ્મરણ કર્યું હતું અને જણાવ્યું કે, કોરોના મહામારીના સમયે સ્વચ્છતા ત્યાં પ્રભૂતાના બાપૂના મંત્રને આપણે જીવનમાં ઉતારવો જ રહ્યો. આજના દિવસે દાહોદની પચીસ હજારથી પણ વધુ મહિલાઓએ રાષ્ટ્રીય સ્વચ્છતા દિવસ અંતર્ગત મહત સંદેશ આપવા માટે હેન્ડવોશ અભિયાનમાં જોડાયા છે તેમની કામગીરીને બિરદાવું છું. કોરોના મહામારીમાં પણ ગામેગામ–ઘરે ઘરે આંગણવાડી કાર્યકતાઓ પહોંચયા છે અને કોરોના સંક્રમણને જિલ્લામાં નિયંત્રણમાં રાખવામાં તેમનું મોટો ફાળો રહ્યો છે.

જિલ્લાને નવી ૨૬ આંગણવાડી મળી છે અને ૬૭ આંગણવાડીનું ભૂમિપૂજન મુખ્યમંત્રીએ કર્યું છે ત્યારે આંગણવાડી કાર્યકતાઓ વધુ જોમ અને ઉત્સાહ સાથે કામ આરંભે. દાહોદમાં કુપોષિત બાળકોની સંખ્યા જે તેર હજાર હતી તે આંકડો બે હજાર સુધી પહોંચ્યો છે તેને શૂન્ય કરવાની મોટી જવાબદારી પણ આંગણવાડી કાર્યકતાઓ પર છે. ગત મહિને ઉજવાયેલા પોષણ માસ દરમિયાન ૨૯૨૭૯૮ સગર્ભા–ધાત્રી માતાઓ, કિશોરીઓ, બાળકોને ઘરે ઘરે જઇને પૂરક પોષણ પૂરો પાડવામાં આવ્યો છે. આવી સુંદર કામગીરી બદલ ખૂબ ખૂબ અભિનંદન. ગરબાડા–ધાનપુરમાં પણ સગર્ભા–ધાત્રી માતાઓને બપોરનું ગરમ જમવાનું મળે તે માટે ખૂબ સરસ પાયલોટ પ્રોજેકટ ચાલી રહ્યો છે. આપણે દાહોદને કુપોષણ મુકત બનાવવા સંકલ્પબદ્ધ થઇને સંગઠિત થઇને પુરષાર્થ થકી સુપોષિત જિલ્લો બનાવીશું તેમ મને સપષ્ટ જણાય રહ્યું છે.

આ પ્રસંગે સાંસદ જસવંતસિંહ ભાભોરે જણાવ્યું કે, દાહોદ જિલ્લો મહાત્વાકાંક્ષી જિલ્લો છે ત્યારે આંતરમાળખાકીય સુવિધાઓ માટે સમગ્ર દેશમાં દાહોદ પ્રથમ સ્થાને આવતા ૩ કરોડનો પુરસ્કાર પ્રાપ્ત થયો છે ત્યારે સમગ્ર વહીવટી તંત્રની ટીમને અભિનંદન આપું છું. આ અવસરે દરેક આંગણવાડી કાર્યકતા જિલ્લામાં એક પણ બાળક કુપોષિત ન રહે એ માટે પ્રતિજ્ઞા લે અને આ સંકલ્પને ચરિતાર્થ કરે.

આ પ્રસંગે હેન્ડવોશ માટે લોકજાગૃતિનું મહત્વનું કામ કરનાર, ઘરે ઘરે જઇને ૧૦૮૮૯ લોકોને હેન્ડવોશની પ્રવૃતિ કરાવનાર સ્વંયસેવક વિનોદ પ્રજાપતિનું પણ મંચ પર મહાનુભાવોએ પ્રશસ્તિપત્ર આપીને તેમની કામગીરીને બિરદાવી હતી. સાથે કાર્યક્રમમાં હેન્ડવોશ કાર્યક્રમમાં જોડાનાર ૧૦ કન્યાઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત નેહરૂ યુવા કેન્દ્ર દ્વારા પોષણ માસ દરમિયાન યોજવામાં આવેલી વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા થનારી દિકરીઓનું પણ મંચ પર પ્રમાણપત્ર આપી સન્માન કરાયું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ નાગરિકોએ મહાનુભાવો સાથે પોષણ શપથ લીધા હતા અને કાર્યક્રમની શરૂઆતમાં પોષણ આરતી પણ કરવામાં આવી હતી. સાથે દાહોદ–૨ ઘટકના આંગણવાડી કાર્યકર કાવેરીબેન રાઠોડ અને તેડાગર બેન શકુડીબેન પણદાને જિલ્લા કક્ષાનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. ઉપરાંત પોષણ માહ દરમિયાન વાનગી હરીફાઇના સ્પર્ધક પોષણકર્મીઓને પણ ઇનામ આપવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ યોગેશભાઇ પારગી, લીમખેડાના ધારાસભ્ય શૈલેષભાઇ ભાભોર, જિલ્લા પંચાયત કારોબારી સમિતિના અધ્યક્ષ રમણભાઈ, મહિલા અને બાળ વિકાસ યુવા પ્રવૃતિ સમિતિના ચેરમેન દક્ષાબેન પરમાર, કલેક્ટર વિજય ખરાડી, જિલ્લા વિકાસ અધિકારી રચિત રાજ, આઇસીડીએસ વિભાગના અધિકારી કમલેશ ગોસાઇ, ડીઆરડીએના નિયામક સી.બી. બલાત સહિતના અધિકારીઓ, કર્મચારીઓ, પોષણકર્મીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

### UP ના હાથરસ જીલ્લાના ૨૦ વર્ષીય દલિત સમાજની યુવતી પર બળાત્કારની ઘટના સંદર્ભે

## માઈનોરીટી સમાજ, દાહોદ દ્વારા રાષ્ટ્રપતિને સંબોધતું આવેદન પત્ર દાહોદના પ્રાંત અધિકારીને આપવામાં આવ્યું

દાહોદ,

ઉત્તર પ્રદેશના હાથરસ જીલ્લાના ભુલઘડીના ગામમાં અનુસુચિત જાતિની દિકરીને તા.૧૪.૯.૨૦૨૦ના રોજ ખેતરમાં બળજબરીથી લઈ જાયને સામુહિક બળાત્કાર કરી જીભ કાપી, ગરદન તેમજ કરોડરજ્જુભાંગી નાખવામાં આવેલ અને પીડીતાને મૃત સમજી આરોપીઓ ભાગી ગયા હતા. પીડીતની માતા દ્વારા મનીષાબેન ન મળતા શોધખોળ કરી તેણે બેભાન હાલતમાં મળી આવી ત્યાર બાદ પીડીતાને હોસ્પીટલમાં દાખલ કરવામાં આવી જ્યાં તેની હાલત ગંભીર હોવાના કારણે દિલ્હી ખાતે સફદરજંગ દાખલ કરવામાં આવી જ્યાં ગઈ કાલે પીડીતાનુ મૃત્યુ થતાં સમગ્ર દેશમાં હાલ રોષની લાગણી વચ્ચે ન્યાયની માંગણી પણ ઉઠવા પામી છે. ત્યારે આ મામલે અનુસુચિત, અનુસુચિત જનજાતિ, માઈનોરીટી સમાજ,દાહોદ દ્વારા રાષ્ટ્રપતિને સંબોધતું આવેદન પત્ર દાહોદના પ્રાંત અધિકારીને આપી અપરાધીઓની તાત્કાલિક ધરપકડ કરી કડકમાં કડક સજા કરવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી હતી.

આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, અવાર નવાર અનુસુચિત જાતિ સમાજ અને અનુસુચિત જાતિ સાથે કહેવાતા સવર્ણો દ્વારા પ્રતાડિત કરી તેઓને અપમાનિત કરવામાં આવે તેઓને ધોળે દિવસે મારી નાખવામાં આવે છે જેમાં તાજો બનાવ કચ્છના દેવજીભાઈ માહેશ્વરીનો છે. તેમજ દિકરીઓ સાથે બળજબરી પુર્વક બલાત્કાર જેવા ગંભીરથી પણ અતિગંભીર ગુનાઓ આચરવામાં આવી રહ્યા છે. તેમજ કાંકરી ડુંગરીનુનો બનાવ જેમાં બે અનુસુચિત જનજાતિ સમાજના દિકરાઓને મારી નાખવામાં આવે છે. જેથી અનુસુચિત જાતિની સમાજને અને અનુસુચિત જનજાતિ સમાજના પોતાના હક અધિકાર અને રક્ષણ મળી રહે મુક્ત હરી ફરી શકે તેવુ વાતાવરણ બની રહે તેવા પ્રયાસો કરવાની આપની બંધારણીય ફરજ છે. બંધારણની કલમ ૨૧ હેઠળ તમામ નાગરિકોને જીવન જીવવાનો શરીર સ્વતંત્રતાનો અધિકારી છે પણ હાલ પરિસ્થિતિ જોતા કહેવાતા સવર્ણો દ્વારા અનુસુચિત જાતિના સમાજ પર અમાનુષી અત્યાચારો કરવામાં આવતા તેમજ તેઓના બંધારણીય હકોને નુકશાન પહોંચાડી રહ્યા છે માટે અનુસુચિત જાતિ સમાજના રક્ષણાર્થે સભ્ય સમાજ દાખલારૂપ કાર્યવાહી કરવાના આપની કક્ષાએ આદેશ કરવા વિનંતી કરી હતી.

હાથરસ જિલ્લાના આ જધન્ય કૃત્ય કરનારા આરોપીઓ તાત્કાલીક ધરપકડ કરવામાં આવે તેમજ તે પીડીતાની લાશને પરિવાર સંમતિ વિના અંતિમસંસ્કાર કરવામાં આવ્યુ તે તમામ પોલીસ પ્રશાસન તેમજ તેઓને આ કાર્યમાં મદદ કરનાર તમામ સામે સખતમાં સખત સજા થાય અને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨, ૩૭૬ તેમજ એટ્રોસીટી એક્ટની કલમ સહિત ધારાઓ ઉમેરી કાર્યવાહી કરવા યોગ્ય આદેશો કરવા વિનંતી છે. અન્યથા ન છુટકે દાહોદ જિલ્લામાં તેમજ ગુજરાત સહિત સમગ્ર ભારતમાં અનુજાતિ, અનુ.જનજાતિ, ઓબીસી, માઈનોરીટી મળી તમામ બહુજન સમાજ સંવિધાનના દાયરામાં રહીને જલદ આંદોલન કરશે જેની આવનાર તમામ પરિસ્થિતિની સઘળી જવાબદારી પ્રશાસનની રહે જેની ગંભીર નોંધ લેવામાં આવે તેમ પણ જણાવ્યું હતુ.

## ફતેપુરાના લખણપુર ગામે ઝાલોદ થી સંતરામપુર બસની અડફેટમાં આવેલ બાઈક ચાલકને ઈજાઓ

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના લખણપુરમાં આજરોજ બપોરના ૧૨ વાગ્યાના અરસામાં ઝાલોદ તરફ થી સંતરામપુર તરફ જતી એસ.ટી બસ લખણપુર હાઈવે ઉપરથી પસાર થઇ રહી હતી. તેવા સમયે બે મોટર સાયકલ સવારો લખણપુરના કુંડલા ફાટક પાસે અડફેટમાં આવતા મોટરસાયકલ ચાલક સહિત પાછળ બેઠેલ યુવતીને ગંભીર ઇજાઓ પહોંચવા પામી હોવાનું જાણવા મળે છે. બંને ઈજાગ્રસ્તોને સુખસર તથા ઝાલોદ ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સારવાર માટે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

જાણવા મળેલ પ્રાથમિક માહિતી અનુસાર ઝાલોદ થી સંતરામપુર તરફ જતી એસ.ટી બસ લખણપુર હાઈવે ઉપરથી પસાર થઈ રહી હતી.તેવા સમયે એક યુવક સહિત મહિલા નામે વંદનાબેન મિનામા મોટરસાયકલ ઉપર જઈ રહ્યા હતા. તેવા સમયે કોઈક કારણોસર મોટર સાયકલ એસ.ટી બસની અડફેટમાં આવતા મોટરસાયકલ ઉપર એસ.ટી બસ ચડી ગઈ હતી.એસ.ટી.બસ ઈલેક્ટ્રીક થાંભલાને તોડી ગટરમાં ઉતરી ગઈ હતી.પરંતુ સદનસીબે પલટી મારી ન હતી.જેમાં મોટરસાયકલ ચાલક સહિત મોટરસાયકલ સવાર એક મહિલાને ગંભીર ઈજાઓ પહોંચવા પામી હોવાનું જાણવા મળે છે.જેમાં ગંભીર સ્થિતિમાં મહિલાને ઝાલોદ અથવા દાહોદ ખસેડવામાં આવી હોવાનું જ્યારે મોટરસાયકલ ચાલકને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તાત્કાલિક ઝાલોદ સરકારી દવાખાનામાં ખસેડવામાં આવેલ હોવાનું જાણવા મળે છે. બંનેની સ્થિતિ ગંભીર હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.મળેલ પ્રાથમિક માહિતી અનુસાર મોટરસાયકલ ચાલક સચિનભાઈ લાલસીંગભાઈ ખાટ હોવાનું જાણવા મળે છે.અને તેમના કબજાની મોટરસાયકલ નંબર આર.જે.૦૩–બીએસ–૪૫૨૨ છે. મોટરસાયકલ નો કચ્ચરઘાણ નીકળી જવા પામેલ છે.જ્યારે આ બંને ઈજાગ્રસ્તો ક્યાંના છે તે જાણવા મળ્યું નથી.

## લીમખેડામાં સોશિયલ ડિસ્ટન્સ અને માસ્ક પહેર્યા વિના રખડતા છ શખ્સોની જાહેરનામાં ભંગમાં ધરપકડ

લીમખેડા,

લીમખેડા પોલીસે કોરોના મહામારી અનુસંધાનમાં માસ્ક પહેર્યા વિના અને સોશિયલ ડિસ્ટન્સ જાળવ્યા વિના જાહેર સ્થળો પર વાતો કરતા અલગ અલગ સ્થળો ઉપરથી સરકારના જાહેરનામાંનો ભંગ કરવા બદલ ૬ શખ્સોની ધરપકડ કરી હતી.

લીમખેડા પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી દરમિયાન ફરતા ફરતા ધાનપુર રોડ ઉપર પાલ્લી ગામે પહોંચતા ટીમરવા ચોકડી પાસે જાહેર માર્ગ અને સોશિલય ડિસ્ટન્સ જાળવ્યા વિના વાતો કરી રહેલા મોટા હાથીધરા ગામના ધર્મેશ જીવણ સંગાડા તથા સુભાષ થોભણ ડામોર અને પરમારના ખાખરીયા ગામના ભઈલા મનુ નિનામા, ગમીર મનુ નિનામા, સહિત ચાર શખ્સોની પોલીસે અટકાયત કરી હતી. આ ઉપરાંત લીમખેડા નગરમાં ઝાલોદ રોડ ઉપરથી માસ્ક પહેર્યા વિના અને સોશિયલ ડિસ્ટન્સની જાળવણી વગર વાતો કરી રહેતા ભોરવા ગામના મુકેલ મોહન પટેલ તથા અગારા ગામના કમલેશ માવસિંહ ચૌહાણ સહિત પોલીસે કુલ ૬ શખ્સોની ગુનો નોંધી ધરપકડ કરી હતી.



આજ રોજ ગાંધી જયંતિ નિમિતે વરોડ ગામ માં ઝાલોદ આઈ.સી.ડી.એસ. દ્વારા વરોડ પ્રાથમિક શાળામાં કેમ્પ યોજવામાં આવ્યો. જેમાં વરોડ પ્રાથમિક શાળા ના આચાર્ય અને શાળા ના શિક્ષકો હજાર હતા તથા આઈ.સી.ડી.એસ. ના સુપરાઈઝર લલિતા બેન અને લીમડી ગામ તથા વરોડ ગામ ના આંગણવાડી ના વર્કર બહેનો હજાર રહ્યા.

## દે.બારીઆમાં ૨ જી ઓકટોમ્બર નિમિત્તે ગાંધી જયંતિના દિવસે આંગણવાડી કેન્દ્રમાં ગુજરાત હેન્ડ વોશ કેમ્પેઈંગ કાર્યક્રમ

દે.બારીઆ,

દે.બારીઆ શહેરમાં તાલુકા કુમાર શાળામાં આંગણવાડીઓનું સશકિતકરણના ઉમદાહેતુ માટે મુખ્યમંત્રી વિડીયો કોન્ફરન્સથી સવારે ૧૧ વાગે મહિલા અને બાળ વિકાસના કાર્યક્રમ રાજ્યના મહાનગરપાલિકા અને જીલ્લાકક્ષા એ માતા યશોદા એવોર્ડ વિતરણ કાર્યક્રમ હેતુસર દેવગઢ બારીઆની તાલુકા કુમાર પ્રા.શાળાના પટઆંગણમાં ૧૦૦ લાભાર્થીઓને કીટ અને પ્રમાણપત્ર આપવાના ડૉ. હાર્દિક વ્યાસ અર્બન હેલ્થ સેન્ટરના દેવગઢ બારીઆના ઈન્ચાર્જ પદઅધિકારીના ઉપસ્થિતીમાં કાર્યક્રમ થયું હતું. સૌને પ્રથમ હેન્ડ વોશ પછી થર્મલ સ્કેનીંગ તથા સેનીટિશન સાથે સોશ્યલ ડિસ્ટન્સ તથા સ્વચ્છતા ઉપર ભાર મુકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ૧૦ લાભાર્થીઓને સોશ્યલ ડિસ્ટન્સમાં ઊભા રાખી સેનેટાઈઝર ફોટા પાડવામાં આવ્યા હતા. આંગણવાડી કેન્દ્રો પાસેના લાભાર્થીઓ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. જેમાં તેડાગર બહેનો એ ઘણી મદદરૂપ થઈ હતી. તાલુકા કુમાર પ્રા.શાળાના આચાર્ય ઉર્મિલાબેન પરમાર થતા સહભાગી શિક્ષક તેમ શિક્ષિકા, દલપતસિંહ ખાંટ, તથા શ્વેતાબેન ચૌહાણ, રાજેન્દ્રસિંહ જાદવ સી.આર.સી. તાલુકા પ્રાથમિક શાળા આ કાર્યક્રમને સફળ બનાવ્યું હતું.

## ફતેપુરાના રેલ ગામે શેઢા પર ઝાખરા નાખવા તકરાર

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના નાની રેલ પુર્વ ગામે શેઢા પર વાસના ઝાખરા નાખવાના મુદે થયેલ મારામારીમાં દંપતી સહીત ત્રણને ઈજા થવા પામી. આ બાબતે ફરિયાદ નોંધાઈ.

ખેતરના શેઢા પર વાસના ઝાંખરા નાખવાના મુદે ફતેપુરા તાલુકાના નાની રેલ પૂર્વ ગામે થયેલ ઝઘડામાં દંપતી સહીત ત્રણ જણાને લાકડી તથા ગડદાપાટુનો મારમારી ઈજાઓ પહોંચાડયાનું જાણવ મળેલ છે. પ્રાત્પ વિગત અનુસાર ફતેપુરા તાલુકાના નાની રેલપૂર્વ ગામના મેહુલભાઈ મહીડા, મોટા બોટીદ ગામના મહેન્દ્રભાઈ સરદારભાઈ મકવાણા તથા બચ કરીયા ગામના રમણભાઈ કેસરાભાઈ ડામોર તેમજ ભરતભાઈ કેસરાભાઈ ડામોર બપોરના સમયે નાની રેલ પૂર્વ ગામના છત્રસિંહ માનસીગભાઈ મહીડાની પત્ની સરલાબેનને બિભત્સ ગાળો બોલી તમોએ અમારા ખેતરના શેઢા પર વાંસના ઝાંખરા કેમ નાંખેલ છે? તેમ કહેતા છત્રસિંહ મહીડાએ કહેલ કે અમે તે ઝાંખરા લઈ લઈશું આ સાંભળી મહેુલ મહીડા એકદમ ઉશ્કેરાયો હતો અને ગાળો બોલીઆ શેઢો તમારા બાપનો છે તેમ કહી તેના હાથમાંની લાકડી છત્ર સિંહ મહીડાને બરડાના ભાગે મારી હતી તે વખતે સરલાબેન છોડાવવા વચ્ચે પડતા રમણભાઈ કેસરાભાઈ ડામોરે તેને પકડી પાડી હતી અનેમહેન્દ્ર સરદારાઈ મકવાણાએ તેના હાથમાંની લાકડી સરાબેનને જમણા પગના થાપાના ભાગે જમણા ગાલ પર તથા માથાના ભાગે મારી ઈજા પહોંચાડી હતી તેવામાં દોડી આવેલ સરલાબેનના છોકરા મનીષભાઈને રમણભાઈ કેસરાભાઈ ડામોર ગડદાપાટુનો મારમારી ઈજા પહોંચાડી હતી. આ સંબંધે નાની રેલ પૂર્વ ગામના છત્ર સિંહ માનસીંગભાઈ મહીડાએ નોંધાવેલ ફરીયાદને આધારે ફતેપુરા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી છે.

## દાહોદ જીલ્લામાં આજરોજ ૩ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદમાં આજે વધુ ૦૩ કોરોના પોઝીટીવ દર્દીના સમાવેશ સાથે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૧૬૦૬ ને પાર થઈ ગયો છે. આજે વધુ ૧૦ દર્દીઓએ કોરોના સામે જંગ જીતતા એક્ટીવ કેસની સંખ્યા ૮૦ રહેવા પામી છે.

આજે ૩૨૨ આરટીપીસીઆર ટેસ્ટ પૈકી ૧ અને રેપીટના ૭૯૩ પૈકી ૨ કોરોના પોઝીટીવ મળી ૦૩ કેસો નોંધાવા પામ્યા હતા. આ પૈકી દાહોદમાંથી ૧ અને ઝાલોદમાંથી બે કેસોનો સમાવેશ થાય છે. દાહોદ જિલ્લામાં અત્યાર સુધી કોરોનાથી ૭૧ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે ત્યારે બીજી તરફ છેલ્લા કેટલાક દિવસોથી જિલ્લામાં કોરોના સંક્રમણનો પ્રકોપ ઘટતા લોકોએ રાહતનો દમ લીધો છે. ક્યાંકને ક્યાંક આરોગ્ય તંત્રની તનતોડ કામગીરી તેમજ લોકોમાં જાગૃતિ ફેલાઈ રહી છે તેવું પ્રતિત થઈ રહ્યું છે.

## ગોધરાના પોલિસ હેડ ક્વાર્ટર ખાતે ડ્રીલ નર્સરીનું ઉદ્ઘાટન કરતા ગૃહ રાજયમંત્રી ૨૯.૭૭ કરોડના વિકાસકાર્યોનું ભૂમિપૂજન

ગોધરા,

મહાત્મા ગાંધીજીની ૧૫૧મી જન્મજયંતિના શુભ અવસરે પંચમહાલ જિલ્લામાં ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાના હસ્તે પોલિસ હેડ ક્વાર્ટર ખાતે નવ નિર્મિત ડ્રીલ નર્સરીનું ઉદઘાટન, ગોધરા ખાતે નિર્માણ પામનાર તાલુકા સેવા સદનના નવીન મકાન અને મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત નિર્માણ પામનાર માર્ગોના ભૂમિપૂજનનો સમારોહ યોજાયો હતો. પોલિસ હેડ ક્વાર્ટર ખાતે આશરે છ લાખના ખર્ચે સેફ પંચમહાલ પોલિસ ફાઉન્ડેશન અંતર્ગત તૈયાર કરાયેલ આ ડ્રીલ નર્સરી પોલિસ જવાનોનું ડ્રીલ કૌશલ્યને સુધારવામાં અને એકરૂપ બનાવવામાં અતિ ઉપયોગી બનશે તેમ જણાવતા ગૃહ રાજ્યમંત્રીએ રાજ્યમાં પ્રથમ કહી શકાય તેવી આ ડ્રીલ નર્સરીના નિર્માણ બદલ જિલ્લાના અધિકારીઓને અભિનંદન પાઠવ્યા હતા અને અન્ય જિલ્લાઓમાં પણ આ પ્રકારની શરૂઆત કરાશે તેમ ઉમેર્યું હતું.




ગોધરા ખાતે યોજાયેલ અન્ય એક કાર્યક્રમમાં જિલ્લા પ્રભારીમંત્રી જાડેજાની અદયક્ષતામાં તાલુકા સેવાસદનના નવીન મકાનનો ભૂમિપૂજન સમારોહ યોજાયો હતો. આવશ્યક સુવિધાઓથી સજ્જ આ નવીન ભવનનું લોકેશન તાલુકા પંચાયત સહિતની અન્ય સંબંધિત કચેરીઓની પાસે હોવાથી સરકારી કામકાજ અર્થે આવતા લોકો માટે રાહતરૂપ બની રહેશે અને સમગ્ર પ્રક્રિયાને વધુ સરળ બનાવશે. લોકોની સુવિધા માટે આ નવીન મકાનના નિર્માણ માટે સક્રિયતા દાખવવા બદલ ગૃહ રાજ્યમંત્રીએ જિલ્લાના પદાધિકારીઓ–અધિકારીઓને અભિનંદન પાઠવ્યા હતા. ૬૮૨૨ ચોરસ મીટરનું ક્ષેત્રફળ ધરાવતા આ મકાનના નિર્માણ માટે રૂ. ૮૫૩.૧૭/– લાખ નું ટેન્ડર મંજૂર કરવામાં આવ્યું છે. મંત્રીએ ભવનનું નિર્માણ કાર્ય નિશ્ચિત સમયમાં ચોકસાઈપૂર્વક પૂર્ણ થાય તે માટે સૂચના આપી હતી.

આ ઉપરાંત, મંત્રીના હસ્તે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત શહેરા અને ગોધરા તાલુકામાં ૧૭.૩૪ કરોડના ખર્ચે તૈયાર થનારા ૩૯.૧૦ કિલોમીટરના માર્ગોનો ભૂમિપૂજન પણ કરવામાં આવ્યું હતું. આ રસ્તાઓનું નિર્માણ પૂર્ણ થયે ગોધરા અને શહેરા તાલુકાઓના અંતરિયાળ ગામના લોકો માટે અવર–જવર અને માલસામાનના પરિવહનની સરળ અને સસ્તી સુવિધાઓનો લાભ મળતો થશે. આ પ્રસંગે પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડ, ધારાસભ્ય સી.કે.રાઉલજી, કલેકટર અમિત અરોરાએ પ્રાસંગિક સંબોધન કર્યા હતા.

## ગોધરા તાલુકાના રાયસિંગપુરાના સરપંચ સર્વશ્રેષ્ઠ લેવા માટે સન્માનિત કરાયા



ગોધરા,

ગોધરા તાલુકાના રાયસિંગપુરા ગ્રામ પંચાયતના ઉત્સાહી અને યુવાન સરપંચ અને રાણીપુરા ગામના વતની કમલેશકુમાર કાંતિલાલ પરમારને સરપંચ તરીકેની તેમની સર્વશ્રેષ્ઠ સેવાઓને તેમજ ખાસ કરીને ઘરે ઘરે પાણી પહોંચાડવાની ઉત્તમ સેવાને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા ગુજરાત રાજ્યના ગ્રૂહમંત્રી પ્રદીપસિંહ જાડેજાના વરદ હસ્તે પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામા આવ્યા છે. પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરા ખાતે બીજી ઓક્ટોબર ગાંધી જયંતીની ઉજવણીના ઉપલક્ષમાં ગોધરાના સરદાર નગર ખંડના હોલમાં રાજ્ય કક્ષાના ગ્રૂહ મંત્રીની અધ્યક્ષતામાં ગાંધી જન્મ જયંતી ઉજવણીનો ભવ્ય સમારોહ ભારેદબદબાભેર સંપન્ન થયો. જેમાં વિવિધ કાર્યક્રમનું આયોજન થયુ હતુ જેમા થયેલા વિવિધ સન્માનમાં ગોધરા તાલુકાના રાયસિંગપુરા ગામના સરપંચ અને ધારાશાસ્ત્રી કમલેશભાઈ કે પરમારના ' નલ સે જલ' અંતર્ગત ગામમાં ઘરે ઘરે પાણી પહોંચાડવાની ઉત્તમ અને સરાહનીય કામગીરી બદલ ગ્રૂહ મંત્રી પ્રદીપસિંહ જાડેજા રાજયકક્ષાના મંત્રી લક્ષ્મણ ભાઈ પટ્ટણી અને જિલ્લાના આગેવાનોની હાજરીમાં સન્માન કરવામાં આવ્યુ છે.અત્રે ઉલ્લેખનીય છે કે કમલેશ કે પરમાર પોતાના વિસ્તારમાં દરેક ક્ષેત્રમાં ગામ લોકોની તમામ પ્રકારની સેવાના કરવામાં પ્રથમ રહ્યા છે. ગામના રસ્તા, પાણી, લાઈટ, શિક્ષણ, ઈતર પ્રવુત્તીઓ અને સમાજ સેવાના ક્રમમાં સતત ખુબ તંદુરસ્ત સેવા કરીને ગામને વિકાસાત્મક દિશામાં લઈ જવા મથી રહ્યા છે ત્યારે તેમને રાજ્ય કક્ષાનું બહુમાન મળતા ગામ , શાળા અને વિસ્તારના લોકોએ ખુશી વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા છે. નવાઈની વાત એ પણ છેકેવર્ષ ૨૦૦૭ માં આ રાયસિંગપુરા ગામને શ્રેષ્ઠ સ્વચ્છતા માટેનો નિર્મલ ગામ પુરસ્કાર પણ મળ્યો હતો.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 37

પંચમહાલ સમાચાર

## કાલોલના ડેરોલ સ્ટેશન ગ્રામ પંચાયતમાં

# બોગસ રેશનકાર્ડ કૌભાંડના અહેવાલ બાદ પણ તંત્ર દ્વારા કાર્યવાહી કેમ નહિ

**કાલોલ તાલુકાના સણસોલી, વેજલપુર, રાબોડ, મલાવ, ડેરોલ જેવી ગ્રામ પંચાયતોમાં પણ મનરેગા યોજનાના કૌભાંડ થયાની શકયતાઓ છે.**

**- સરપંચ પરિવારના સભ્યોના ૮ નામે જોબકાર્ડ.**
**- બોગસ જોબકાર્ડ ધરાવતી ઓનલાઈન યાદી ડીલેટ કરાઈ.**
**- પંચમહાલ સમાચારના અહેવાલ બાદ કૌભાંડીઓમાં ચિંતા છતાં તંત્ર કેમ કાર્યવાહી કરતું નથી.**

કાલોલ,

કાલોલ તાલુકાના ડેરોલ સ્ટેશન ગ્રામ પંચાયતમાં કેન્દ્ર સરકારની મહત્વકાંક્ષી મનરેગા યોજનામાં મોટા પ્રમાણમાં ગોબાચારી આચરી હોવાનો પર્દાફાશ થવા પામ્યો છે. મનરેગા યોજનામાં જોબકાર્ડ દ્વારા શ્રમજીવીઓને રોજગારી પુરી પાડવામાં આવી છે. આ યોજનામાં ગ્રામ પંચાયતના સરપંચના પરિવાર અને મળતીયાઓના નામે જોબકાર્ડ બનાવી જરૂરીયાતમંદ શ્રમિકોને મળવા પાત્ર લાભ ઉપર તરાપ મારવામાં આવી છે. પંચમહાલ સમચાર દૈનિકમાં મનરેગા જોબકાર્ડમાં આચરવામાં આવેલ ગેરીતિનો અહેવાલ પ્રસિદ્ધ કર્યો હોવા છતાં જીલ્લા વહીવટીતંત્ર આવા કૌભાંડની તપાસ કરવા માટે કોઈ કાર્યવાહી હાથ ધરી નથી. જેને લઈ આવા કૌભાંડ આચરતા લોકોનું મનોબળ મજબુત થતું હોય ત્યારે સરકારી યોજનાઓનો સાચો લાભ લોકો સુધી ન પહોંચવા દેતા લોકો સામે કાર્યવાહી કરવામાં આવશે ખરી ?

કાલોલ તાલુકાન ડેરોલ સ્ટેશન ગ્રામ પંચાયત દ્વારા કેન્દ્ર સરકારની ઘરે બેઠા રોજગારી પુરી પાડવાની મનરેગા યોજનામાં જરૂરીયાતમંદ શ્રમિકોના જોબકાર્ડ બનાવવામાં આવ્યા હતા અને જોબકાર્ડના આધારે મનરેગા યોજનામાં રોજગારી પુરી પાડી જોબકાર્ડમાં હાજરી ભરીને નાણાંની ચુકવણી કરવામાં આવે છે. સરકારના મનરેગા યોજનાના જોબકાર્ડ તલાટી, ગ્રામ સેવક અને સરપંચની જાણકારીમાં જરૂરીયાતમંદ શ્રમિકોની ઓળખ કરીને બનાવવામાં આવતા હોય છે. આવા બોગસ જોબકાર્ડ બનાવવાનું કૌભાંડ તાલુકાના ડેરોલ સ્ટેશન ગ્રામ પંચાયતમાં બહાર આવ્યું છે. ગ્રામ પંચાયત વિસ્તારમાં મનરેગા યોજનાના જોબકાર્ડ બનાવવામાં આવતાં પહેલા રોજગારી માટે જરૂરીયાતમંદ શ્રમિકોની ઓળખ કરવામાં આવતી હોય છે. અને શ્રમિકોના ઓળખના પુરાવા તરીકે આધારકાર્ડ કે ચુંટણીકાર્ડ દર્શાવવાનું રહેતું હોય છે. તેમ છતાં ડેરોલ સ્ટેશન ગ્રામ પંચાયતમાં ગ્રામના સર્વેક્ષણ ગણતા હોય તેવા પ્રથમ નાગરિક એવા સરપંચના પરિવારના સભ્યો તેમજ મળતીયાઓના નામે બોગસ જોબકાર્ડ બનાવવામાં આવ્યા છે અને તાલુકા પંચાયત કચેરીની મનરેગા વિભાગના ઓનલાઈન કેસમાં આવા બોગસ જોબકાર્ડ ધારકોના ઉલ્લેખ કરવામાં આવેલ હતા પરંતુ પંચમહાલ સમાચાર દ્વારા ડેરોલ સ્ટેશન ગ્રામ પંચાયતના સરપંચ પરિવારના બોગસ જોબકાર્ડ અંગેના અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. તેની સાથે તાલુકા મનરેગા કચેરીના ઓનલાઈન જોબકાર્ડ યાદીમાંથી ૮ જોબકાર્ડ ધારકોના નામો ડીલેટ કરીને બોગસ જોબકાર્ડનું કૌભાંડ છુપાવવાની પેરવી કરવામાં આવી છે. સરકારી રેકર્ડ ઉપર દર્શાવેલ કેસને ડીલેટ કરવામાં આવ્યો છે. જે મનરેગા યોજનામાં બોગસ જોબકાર્ડ કૌભાંડ આચરવામાં આવ્યું તે પુરાવો છે. તેમ છતાં કાલોલ તાલુકા પંચાયત કચેરી કે જીલ્લા આર.ડી.એ. વિભાગે કાર્યવાહી નહિ કરી કૌભાંડને છાવરવામાં આવી રહ્યું છે.

( વધુ અહેવાલ આવતા અંકે)

## શહેરા અને મોરવા (હ) ખાતે ગાંધી જંયતિ એ માજી સૈનિકોએ પડતર માંગણીને લઈ મુખ્યમંત્રીને ટપાલ મોકલી



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા અને મોરવા હડફ ખાતે ગાંધી જયંતીના દિવસે માજી સૈનિકોએ પોતાની ૧૪ જેટલી પડતર માંગણીઓને લઈને રાજયના મુખ્યમંત્રીને ટપાલ મોકલી હતી. રાજ્ય સરકાર દ્વારા માજી સૈનિકોની પડતર માંગણીઓ વહેલી તકે સ્વીકાર કરવામા નહી આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરનાર છે.

શહેરા અને મોરવા હડફ ખાતે માજી સૈનિકો ગાંધી જયંતીને લઈને એકત્રિત થયા હતા. માજી સૈનિકો એ પોતાની ૧૪ જેટલી પડતર માંગણીઓને લઈને રાજયના મૂખ્યમંત્રીને કાગળ લખ્યો હતો. પોસ્ટ ઓફિસ ખાતે મોટી સંખ્યામાં માજી સૈનિકો સોશિયલ ડિસ્ટન્સ રાખીને ટપાલ પેટીમાં પોતાની માગણીઓ વાળી ટપાલ નાખી હતી. રાજ્ય ના મુખ્યમંત્રી વિજય રૂપાણી ને લખેલ ટપાલ માં જણાવ્યુ હતું કે અમે ગુજરાત સૈનિક સંગઠન તેમના પરિવારોના ૧૪ મૂદાઓના નિરાકરણને લઈને વારવાર અને પત્રો દ્વારા તેમજ તારીખ ૨૬-૧-૨૦ ના રોજ ગાંધીનગર ખાતે ગુજરાતના તમામ માજી સૈનિકોએ આવીને રજુઆત કરી હતી. ત્યારે રાજ્યના ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા દ્વારા આશ્વાસન આપવામા આવ્યુ હતું કે.તમામ મૂદાઓ પર હકારાત્મક વિચાર કરીને ૧૦ દીવસમા મીંટીગ બોલાવામા આવશે.પરતુ દૂખની વાત એછે કે આજદિન સૂધી નિરાકરણ થયુ નથી. જેને લઈને પોસ્ટકાર્ડ લખીને નિરાકરણ લાવવા માટે રજુઆત કરીએ છે. જ્યારે માજી સૈનિક સંગઠન ના જિલ્લા પ્રમુખ રૂમાલ સિંહ પાંડોર એ ગાંધીજી દેશ માટે લડ્યા હતા. અને અમે મા ભોમની રક્ષા કરવા માટે લડ્યા હતા.તેમ છતાં રાજ્ય સરકાર અમારા માજી સૈનિકોની પડતર વિવિધ માંગણીઓ સ્વીકારતી નથી. એ બહુ જ શરમજનક કહેવાય અને જો અમારી માગણીઓ નુ નિરાકરણ વહેલી તકે લાવે નહિ તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે તેમ જણાવ્યુ હતું.



ભારત સરકારના યુવા કાર્ય અને ખેલ કુદ મંત્રાલય અંતર્ગત નહેરૂ યુવા કેન્દ્ર ગોધરા દ્વારા ૨ ઓક્ટોમ્બર ૧૫૧ ગાંધી જયંતિ કાર્યક્રમ ગોધરામાં ગાંધી આશ્રમ ખાતે યોજવામાં આવ્યો. જેમાં મુખ્ય અતિથિ મનીષભાઈ સોની જિલ્લા યુવા સમન્વયક વિઠ્ઠલસર ચોરમલે અને ગાંધી આશ્રમના સંચાલક કાંતિભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા સત્ય અને અહિંસાના માર્ગે ચાલવા અને ગાંધીજી ના વિચાર ધારા જનજન સુધી પહોંચે તેવી આહવાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શ્રમદાન કરીને આગામી સમય ઔષધિ બાગ નુ નિમાર્ણ નહેરૂ યુવા કેન્દ્ર ગોધરા દ્વારા હાથ ધરવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં પંચમહાલ જિલ્લાના વિવિધ તાલુકાના રાષ્ટ્રીય સેવા કર્મી હજાર રહ્યા હતા.


## ભાગ્યોદય યુવા વિકાસ મંડળ વેજલપુર દ્વારા ૧૫૦મી ગાંધી જયંતિની ઉજવણી



તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,

ભાગ્યોદય યુવા વિકાસ મંડળ વેજલપુર અને યુવા વિકાસ ટ્રસ્ટ દ્વારા ગાંધીજીની ૧૫૦મીની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી નિમિત્તે પ્રસંગ પરમ પૂજ્ય ગાંધીબાપુની ભાગ્યોદય યુવા વિકાસ મંડળ વેજલપરના પ્રમુખ યોગેશ કા એ ગાંધીબાપુને સુતરની આટી થીસન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ યોગેશભાઈએ ગાંધીજીના જીવન ચરિત્રો અંગેની માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં યુવા વિકાસ ટ્રસ્ટ ના પ્રમુખ બી.એન.શાહ, જશવંતસિંહ જાદવ, બડેલાલ તથા અન્ય મહાનુભાવ ઉપસ્થિત રહી ગાંધીજીના સંસ્મરણોને વાગોળ્યા હતા અને ગાંધીજીની વાતોને યાદ કરી સર્વ છુટા પડ્યા હતા.



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા આમ આદમી પાર્ટી દ્વારા તાજેતરમાં ઉત્તર પ્રદેશમાં બનેલ અઘટીત ઘટના બાબતે પીડિતા મનીષાબેન સાથે થયેલ બર્બરતા માટે આરોપીઓને સજા મળે તે માટે કેન્ડલ માર્ચ દ્વારા એચ.એસ. વરીયા હાઈસ્કૂલ થી માતાજી મંદિર સુધી રેલી યોજવામાં આવી. જેમાં પંચમહાલ જિલ્લા પ્રમુખ, તાલુકા પ્રમુખ સહિત કાર્યકરો અને યુવાનો હાજર રહ્યા હતા.

## ઘોઘંબાના ભોજપુરા ગામની દાઝેલી ગયેલ મહિલાનું સારવાર દરમ્યાન મોત

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ભોજપુરા ગામની ૩૦ વર્ષીય મહિલા એ પોતાની જાતે કેરોસીન છાંટીને ૨૪ સપ્ટેમ્બરના રોજ સળગી જતાં સારવાર અર્થે વડોદરા ખસેડવામાં આવી હતી. જ્યાં સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના ભોજપુરા ગામે રહેતી કિરણબેન ગણપતભાઈ પરમાર ઉ.વ.૩૦ એ ૨૪ સપ્ટેમ્બરના રોજ પોતાના શરીર ઉપર કેરોસીન છાંટીને સળગી જતાં ગંભીર રીતે દાઝી ગયેલ હાલતમાં ગોધરા સિવિલમાં દાખલ કરયા હતા. જ્યાં વધુ સારવાર અર્થે વડોદરા ખસેડવામાં આવતાં સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે દામાવાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## પંચમહાલ જિલ્લાના વિશાળ કાલોલ નગરમાં ગાંધી જયંતિ નિમિતે પ્રતિમાં ન હોવાથી નગરજનો શ્રધ્ધાંજલિ ન આપી શક્યાં

કાલોલ,

કાલોલ નગરમાં વિશાળ વિસ્તારમાં મહારાણા પ્રતાપ, ઝાંસી કી રાની લક્ષ્મીબાઈ, ડો.આમ્બેડકર જંયતિ એ પ્રતિમાંને પુષ્પોના હાર અપેણ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવે છે.તદઉપરાંત કાલોલ નગરમાં પાલિકા નજીક માણેકલાલ ગાંધીની પણ પ્રતિમાં છે. પરંતુ દેશને આઝાદી અપાવી

(અનુ.પાના.નં.૨)

## પંચમહાલ જીલ્લામાં આજે ૧૬ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૨૩૭૨ થયો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૧૬ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૧૬ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૨૩૭૨ થવા પામ્યો છે. તેમાં ગોધરામાં-૦૬, હાલોલ-૦૬, કાલોલ-૦૪ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ

**- ૧૯ દર્દી સાજા થતાં રજા અપાઈ.**
**- એકટીવ કેસ ૨૧૫.**
**- મૃત્યુ આંક - ૧૦૬.**

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૧૬ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

## પંચમહાલ જિલ્લામાં ગૃહ રાજયમંત્રીની અદ્યક્ષતામાં મહાત્મા ગાંધી જન્મજયંતિની ઉત્સાહપૂર્વક ઉજવણી



ગોધરા,

પંચમહાલ જિલ્લામાં ગૃહરાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાની અધ્યક્ષતામાં મહાત્માગાંધીજીની ૧૫૧મી જન્મજયંતિની ઉજવણી ભારે ઉત્સાહપૂર્વક યોજાઈ હતી. પૂજ્ય બાપુની જન્મજયંતિ નિમિત્તે જિલ્લામાં યોજાયેલ શ્રેણીબદ્ધ કાર્યક્રમોમાં સૌ પ્રથમ જિલ્લા પ્રભારી મંત્રી પ્રદિપસિંહ જાડેજા સહિતના મહાનુભાવોએ ગોધરાના ગાંધી ચોક ખાતે પૂજ્ય બાપુની પ્રતિમાને સૂતરની આંટી અર્પણ કરી હતી. આ પ્રસંગે ગૃહરાજ્ય મંત્રીએ ગાંધી ચોક ખાતેથી નશાબંધી રથને પ્રસ્થાન કરાવી જિલ્લામાં નશાબંધી સપ્તાહનો તેમજ વન્યપ્રાણી રથને લીલીઝંડી બતાવી વન્યપ્રાણી સપ્તાહનો શુભારંભ પણ કરાવ્યો હતો. ગોધરાના સરદારનગર ખંડમાં યોજાયેલ કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી પોતાના સંબોધનમાં સરકાર દ્વારા કોવિડ-૧૯ મહામારીને નિયંત્રણ હેઠળ રાખવા કરાયેલ અસરકારક કામગીરીની રૂપરેખા આપતા મંત્રીએ જણાવ્યું હતું કે કોવિડ કટોકટીના સમયમાં માસ્ક, સોશિયલ ડિસન્ટન્સિંગ સહિતના બચાવના પગલાઓ આપણી જીવનશૈલીમાં વણી લેવા જરૂરી બન્યા છે ત્યારે હેન્ડવોશ કેમ્પેઈન સામાન્યજનને સમયાંતરે હાથ સેનેટાઈઝ કરવાના મહત્વ અંગે જાગરૂક કરવામાં અને એ રીતે તેમને સુરક્ષિત રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. કોરોના કટોકટી સામે રાજયવાસીઓને સુરક્ષિત રાખવા લોક ડાઉન અને અનલોકના તબક્કાઓ દરમિયાન પ્રશાસન અને પોલિસ દ્વારા કરાયેલ કામગીરીનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે અસરકારક પગલાઓના પગલે રાજ્યમાં હાલમાં કોરોનાના કારણે થતા મૃત્યુનો દર ૩ ટકાથી પણ ઓછો થયો છે તેમજ પોઝિટીવ દર્દીઓ મળી આવવાના દરમાં પણ નોંધપાત્ર ઘટાડો તેમજ ડિસ્ચાર્જ રેટમાં વધારો શક્ય બન્યો છે. જો કે જ્યાં સુધી કોરોનાની વેક્સિન કે અસરકારક દવા ન શોધાય ત્યાં સુધી બચાવના પગલાઓનું ચુસ્ત પાલન જ કોવિડ-૧૯ સામે સૌથી કારગર ઉપાય હોવાથી તેમણે જિલ્લાવાસીઓને સરકાર દ્વારા જાહેર કરાયેલ માર્ગદર્શિકાનું ચુસ્ત પાલન કરવા આગ્રહ કર્યો હતો. બાપુના સ્વચ્છતા માટેના આગ્રહને ટાંકતા ગૃહરાજ્યમંત્રીએ જિલ્લાવાસીઓને હેન્ડવોશ અભિયાનને આગળ વધારી સ્વચ્છતા અંગેની જાગૃતિ જિલ્લાના દરેક વર્ગના માનવી સુધી પહોંચે તે દિશામાં સંકલિત પ્રયાસો કરવા જણાવ્યું હતું.

નશાબંધી અને વ્યસનમુક્ત સમાજના નિર્માણ અંગે પૂજ્ય બાપૂના વિચારોને યાદ કરતા મંત્રીએ જણાવ્યું હતું કે ગાંધીજીના સ્વપન અનુસાર ગુજરાતને દારૂની બદીથી મુક્ત રાખવા સરકાર કૃતનિશ્ચયી છે તેમજ તમામ પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરીને, વેરાની આવક જતી કરીને પણ સરકાર રાજ્યમાં નશાબંધીનો ચુસ્ત અમલ સુનિશ્ચિત કરશે. તેમણે નશાને અનેક ઘર-પરિવારોની આર્થિક પાયમાલી, સામાજિક-માનસિક સમસ્યાઓ, આત્મહત્યા માટે જવાબદાર પરિબળ ગણાવી રાજયમાં નશાબંધીને લગતી કડક કાર્યવાહી યથાવત રહેશે તેમ જણાવ્યું હતું.

કાર્યક્રમના મુખ્યમહેમાનપદે ઉપસ્થિત વિકસતી અને વિચરતી જાતિ નિગમના ચેરમેન લક્ષ્મણભાઈ પટણીએ પોતાના સંબોધનમાં સ્વચ્છ-સ્વસ્થ ભારતના નિર્માણ માટે સામૂહિક રીતે સંકલિત પ્રયાસો કરવા અને સ્વચ્છતાની આ ઝુંબેશ એક દિવસ પૂરતી મર્યાદિત ન રાખી તેને પોતાની જીવનશૈલીનો એક હિસ્સો બનાવવાની દિશામાં પ્રયાસો કરવા હાકલ કરી હતી.

કાર્યક્રમના અદયક્ષ ગૃહરાજ્યમંત્રીના હસ્તે આંગણવાડી કાર્યકર નિરૂપાબેન મહેન્દ્રસિંહ બારિયાને શ્રેષ્ઠ કામગીરી બદલ જિલ્લા કક્ષાનો માતા યશોદા એવોર્ડ, રૂ. ૩૧,૦૦૦/- રોકડ પુરસ્કારનો ચેક, સ્મૃતિચિહ્ન આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ૧૦ લાભાર્થીઓને વન અધિકાર કાયદા અંતર્ગત જમીનના અધિકારપત્રોનું મંત્રી સહિતના મહાનુભાવોના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ૧૦૦ ટકા નળ કનેક્ટિવિટી ધરાવતા ૧૦ ગામોના સરપંચોને સુંદર કામગીરી બદલ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા.

## ગોધરા પાસે પ્રભારી અને ગૃહપ્રધાનને રજુઆત કરવા જતાં વ્યકિતને નજર કેદ કર્યો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં ગોધરા પાસે ૨ ઓકટોમ્બર ગાંધી જયંતિના દિવસે જયંતિ નિમિતે કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પંચમહાલના પ્રભારી અને રાજયના ગૃહપ્રધાન પ્રદિપસિંહ જાડેજાને સર્કીટ હાઉસ ખાતે સંજય ટહેલ્યાણી રૂબરૂ મળવા જવાના હોઈ ગોધરાની નગરપાલિકાની સત્તાહઠના પદાધિકારીઓના ભ્રષ્ટાચાર અંગેની રજુઆત રૂબરૂ કરવા જતાં સરકીટ હાઉસ ખાતે પોલીસ દ્વારા તેઓની તેમની રજુઆત ગોધરાની એસ.પી.કચેરી બોલાવી લખવા જણાવેલ અને આપ અહીં આ અંગે રજુઆત નહી કરી શકો તમારી રજુઆત અમોને લેખિતમાં એસ.પી. કચેરી એ એસ.ઓ.જી. વિભાગમાં લેખિતમાં આપશો તે અંગે અમો આપની રજુઆતને દ્યાનમાં લેતાં આગળની કાર્યવાહી કરીશું તેમ જણાવેલ જેથી સંજયને એસ.પી. કચેરીએ નજર કેદ રાખી તેઓની લેખિતમાં રજુઆત લીધી હતી અને પ્રભારીનો કાર્યક્રમ પૂર્ણ થતાં ગોધરાથી રવાના થતાં તેઓને મુકત કર્યા હતા.

## પંચમહાલ કોંગ્રેસ સમિતિ દ્વારા મહાત્મા ગાંધી તથા લાલ બહાદુર શાસ્ત્રીની જન્મ જયંતિ નિમિત્તે પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા,

બીજી ઓક્ટોબર મહાત્મા ગાંધીજી તથા પૂર્વ પ્રધાનમંત્રી લાલ બહાદુર શાસ્ત્રીની જન્મ જયંતિ નિમિત્તે ગોધરા ખાતે પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા પ્રમુખ અજીતસિંહ ભાટીના નેતૃત્વમાં પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજાયેલ હતો.

ગાંધીચોક પાસે આવેલ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની પ્રતિમા ઉપર જિલ્લા કોંગ્રેસના અગ્રણીઓ હોદ્દેદારો કાર્યકરોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની દેશ સેવાઓને યાદ કરી પુષ્પાંજલિ આપી હતી.

કોંગ્રેસ પક્ષ દ્વારા આયોજિત કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મંત્રી રફીક તિજોરી વાલા જિલ્લા મહિલા પ્રમુખ પ્રિયંકાબેન ગોધરા નગરપાલિકાના કોંગી આગેવાન વકીલ આબિદ ભાઈ શેખ ઓબીસી વિભાગના મંત્રી ગણપત પટેલ ગોધરા તાલુકા કોંગ્રેસ પ્રમુખ કાર્યકારી આર.એન. પટેલ સહિત મોટી સંખ્યામાં જોડાઈ રાષ્ટ્રપિતા ગાંધીજીને પુષ્પાંજલિ અર્પિત કરી હતી.

## પંચમહાલ જિલ્લામાં કોરોના વિષયક કામગીરીની સમીક્ષા કરતા ગૃહરાજયમંત્રી

ગોધરા,

પૂજ્ય બાપુની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે પંચમહાલની મુલાકાતે આવેલ ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જિલ્લામાં થઈ રહેલી કોરોના વિષયક કામગીરીની સમીક્ષા કરી માર્ગદર્શન-નિર્દેશો આપ્યા હતા. ગોધરા સર્કિટ હાઉસ ખાતે યોજાયેલ આ સમીક્ષા બેઠકમાં જિલ્લા પ્રભારીમંત્રીએ કલેક્ટર પાસેથી જિલ્લામાં કોરોનાના કુલ કેસ, સક્રિય કેસ, મૃત્યુ આંક, ડિસ્ચાર્જ રેટ, પોઝિટીવીટી રેટ, પ્રતિદિન ટેસ્ટિંગ, ટેસ્ટિંગ સ્ટ્રેટેજી, ટેસ્ટીંગ સેન્ટર્સ, આઈસોલેશન પોલિસી, કોન્ટેક્ટ ટ્રેસિંગ, હોસ્પિટલાઈઝેશન પિરીયડ, ધન્વન્તરી રથોની કામગીરી સહિતની સૂક્ષ્મ વિગતો મેળવી હતી. સામાન્ય જનજીવનને મોટાપાયે પ્રભાવિત કર્યા વગર સઘન કોન્ટેકટ ટ્રેસિંગ, કન્ટેઈમેન્ટ વિસ્તારોમાં કોવિડ માર્ગદર્શિકાના ચુસ્ત પાલન અને સંક્રમણની શક્યતા ધરાવતા વિસ્તારોમાં અસરકારક અને આક્રમક ટેસ્ટિંગની મદદથી જિલ્લામાં કોવિડ સંક્રમણને નિયંત્રણ હેઠળ રાખવા અંગે મંત્રીએ પ્રભાવી માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લાની કોવિડ હોસ્પિટલમાં ઉપલબ્ધ બેડ, ઓક્સિજન સપ્લાઈ ધરાવતા બેડ, વેન્ટીલેટર્સ, હોસ્પિટલની ક્ષમતામાં કરાયેલ વિસ્તરણ અંગેની માહિતી મેળવતા સંક્રમિત દર્દીઓની ટ્રીટમેન્ટ મેનેજમેન્ટ બાબત સૂચના આપી હતી. સંક્રમણ થવાના કિસ્સામાં વધુ જોખમ છે તેવા વ્યક્તિઓના શારીરિક સ્વાસ્થ્યની સ્થિતિની કેન્દ્રીયકૃત માહિતી રાખતા અને કોવિડ કેર અંગે માર્ગદર્શન સાથે ફોલોઅપ લેતા રાજ્યમાં પ્રથમ કહી શકાય તેવા પાર્ટિસીપેટરી કોવિડ મેનેજમેન્ટ સિસ્ટમ-પોર્ટલની અત્યાર સુધીની કામગીરી વિશે રસપૂર્વક માહિતી મેળવતા તેને જિલ્લાના વ્યસ્ક અને કો-મોર્બિડ લોકો માટે કોવિડથી જોખમને ઘટાડવામાં અસરકારક ગણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે પીસીએમએસ અંતર્ગત જિલ્લામાં અત્યાર સુધી ૯૬ કરતા વધુ કોલ્સ કરવામાં આવ્યા છે. કોલ્સના આધારે મળતી માહિતીનું એનાલિસીસ કરી સંક્રમિત હોવાની શકયતા ચકાસી ૬૩૩ વ્યક્તિઓના ટેસ્ટ કરવામાં આવ્યા છે, જે પૈકી ૮૪ વ્યક્તિઓ સંક્રમિત મળી આવી છે. આ વ્યક્તિઓ કો-મોર્બિડ હોવાથી સંક્રમિત હોવાની જાણ વેળાસર થતા તેમના જીવને જોખમ થવાની શક્યતા પ્રભાવી સારવારના પગલે નિવારી શકાઈ હતી.